Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५३. चैत्र. आत्म सं. ३१ { अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.

१ શ્રી વીરને. ... ... ... ૨૩૭
૨ સરસ્વતી મહિમા. ... ... ૨૩૮
૩ જૈન સખાવત... ... ... ૨૩૯
૪ આધ્યાત્મિક બળ. ... ... ૨૪૦
૫ આત્માને ઉપદેશ. ... ... ૨૪૩
૬ આપણું સંગઠન. ... ... ૨૪૪
૭ શ્રી મહાવીર પ્રભુનું સર્વોત્તમ જીવન. ... ... ... ૨૪૫
૮ શ્રી શત્રુંજય તીર્થના સંબંધમાં મુનિરાજ શ્રીહંસવિજયજીનું ભાષણ.... ... ... ૨૪૭
૯ સમભાવ. ... ... ... ૨૫૦
૧૦ જય મહાવીર. ... ... ૨૫૯
૧૧ પ્રકીર્ણ. ... ... ... ૨૬૦
૧૨ વર્તમાન સમાચાર. ... ... ૨૬૨
૧૩ ગ્રંથાવલોકન. ... ... ૨૬૫

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

## જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઇતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨–૧૨–૦ પોસ્ટેજ જુદું. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## " આત્મવિશુદ્ધિ ગ્રંથ. "

**જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિનાં સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ** વગેરે અનેક વિષયોથી ભરપૂર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇ પણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્ય મહારાજ શ્રી વિજય-કેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાચકને આત્માનંદ થતાં, કર્મોનેિ નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મુકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતાં પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખત તો ચોક્કસ શાંતરસ–વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. શેઠ ઝવેરભાઇ ભાઇચંદ સીરીઝના ત્રીજા પુષ્પ તરીકે પ્રગટ થયેલ છે. પાકું પુંઠું કિંમત ૦–૮–૦

---

**વસુદેવ હિંડી મૂળ**—નિર્ણયસાગરપ્રેસમાં, ઉંચા ઇંગ્લીશ લેઝર પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપમાં છપાય છે. તે સંબંધી વિશેષ માહેતી હવે પછી આપીશું.

---

### શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ વગેરે સહિત રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. શાળાઓ માટે ખાસ ઉપયોગી વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂા. ૧– ૨–૦ મુદ્દલ કિંમત પોસ્ટેજ જુદું.

---

**જાહેરખબર**—આ માસિકમાં જાહેરખબર આપવા માટે અમોને કેટલાક બંધુ-ઓએ બહારગામથી ભાવ માટે પુછાવ્યું છે. તેના ભાવ ઘણાજ મધ્યમ છે, તે આવતા અંકમાં આપીશું. સાર્વજનિક જૈન જાહેરખબરનો ચાર્જ તે જો શ્રી સંઘ વગેરે સંસ્થા હોય તો તેનો ચાર્જ લેવામાં આવતો નથી.

સેક્રટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫–૦–૦ |
| ૨ નવતત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ જીવવિચાર વૃત્તિ | ૦–૬–૦ |
| ૪ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |
| ૫ જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦–૬–૦ |
| ૬ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦–૮–૦ |
| ૭ નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧–૮–૦ |
| ૧૦ પ્રકરણ સંગ્રહ | ૦–૪–૦ |
| ૧૧ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦–૮–૦ |
| ૧૨ આત્મવલ્લભ સ્તવનાવલી | ૦–૬–૦ |
| ૧૩ મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ શ્રાવક કલ્પતરૂ | ૦–૬–૦ |
| ૧૬ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨–૮–૦ |
| ૧૭ આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧–૮–૦ |
| ૧૮ જંબુસ્વામી ચરિત્ર | ૦–૮–[illegible] |
| ૧૯ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧–૦–૦ |
| ૨૦ તપોરત્ન મહોદધિ ભાગ ૧–૨ તમામ તપ વિધિ સાથે | ૧–૦–૦ |
| ૨૧ સમ્યક્ત્વ સ્તવ | ૦–૪–૦ |
| ૨૨ ચંપકમાળા ચરિત્ર | ૦–૮–૦ |
| ૨૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી | ૧–૦–૦ |
| ૨૪ પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦–૮–૦ |
| ૨૫ અનુયોગદ્વાર સૂત્ર | ૦–૮–૦ |
| ૨૬ અધ્યાત્મમત પરીક્ષા | ૦–૪–૦ |
| ૨૭ ગુરૂગુણ છત્રીશી | ૦–૮–૦ |
| ૨૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦–૫–૦ |
| ૨૯ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧–૦–૦ |
| ૩૧ સંબોધ સિત્તરી | ૧–૦–૦ |
| ૩૨ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧–૮–૦ |
| ૩૩ સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |
| ૩૪ આદર્શ સ્ત્રી રત્નો | ૧–[illegible]–૦ |
| ૩૫ શ્રી નેમનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૩૬ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨–૦–૦ |
| ૩૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨–૮–૦ |
| ૩૮ શ્રી દાન પ્રદીપ | ૩–૦–[illegible] |
| ૩૯ શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧–૪–૦ |
| ૪૦ શ્રી કાવ્ય સુધાકર | ૨–૮–૦ |
| ૪૧ શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૪૨ શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઇડીંગ ) | ૦–૮–૦ |
| ૪૩ કુમારપાળ પ્રતિબોધ. | છપાય છે. |
| ૪૪ ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ |
| ૪૬ શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

## પરચુરણ પુસ્તકો.

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦–૦–૦ |
| પ્રમેયરત્નકોષ | ૦–૮–૦ |
| જૈનભાનુ | ૦–૮–૦ |
| વિશેષનિર્ણય | ૦–૮–૦ |
| વિમલવિનોદ | ૦-૧૦-૦ |
| સજ્જનસન્મિત્ર | ૪–૦–૦ |
| અભયકુમારચરિત્ર ભાગ ૧ લો | ૨-૪-૦ |
| ,, ભાગ ૨ જો | ૩–૦–૦ |
| સજ્ઝાયમાળા ભાગ ૧ લો | ૨–[illegible]–૦ |
| ,, ભાગ ૨ જો | ૨–૦–૦ |
| ,, ભાગ ૩ જો | ૨–૦–૦ |
| ,, ભાગ ૪ થો | ૨-૦-૦ |
| સમ્યક્ત્વદર્શન પૂજા | ૦–૧–૦ |
| ચૌદરાજલોક પૂજા | ૦–૧–૦ |
| નવપદજી મંડલ | ૦–૪–૦ |
| નવપદજી મંત્ર | ૦–૨–૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શા. મેઘજી હીરજી બુકસેલર, શ્રાવક ભીમસી માણેક, સલોત અમૃતલાલ અમરચંદ વિગેરેનાં પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે. **નફો જ્ઞાનખાતામાં જાય છે. જેથી મંગાવનારને પણ લાભ છે.**

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દ્રષ્ટિએ અનેક કથાઓ સહિત–શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દ્રષ્ટાંત-કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડે પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉતમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અર્વાચીન બાવીશ મહાન ( આચાર્યશ્રી ) પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

૬ **આત્મવિશુદ્ધિ.**

---

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષમાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५३. चैत्र. आत्मसंवत् ३१. } अंक ९ मो.

## श्री वीरने !

( धनाश्री )

વંદન કરૂં મહાવીર, જીનેશ્વર વંદન કરૂં મહાવીર૦
નીચું નમાવી શીશ, જીનેશ્વર વંદન કરૂં મહાવીર૦ ૧
આપ અમારા મુગટ મણી છો, સર્વે અનાથના નાથ. જી-વં. ૨
આપ પ્રકાશી રહ્યા છો નિત્યે, તારકોમાં શશિકાન્ત. જી-વં. ૩
આપનું ગૌરવ, દાન ને કાંતિ, સર્વે અમાપ મનાય. જી-વં. ૪
આપનું તપોબળ વિશ્વમાં મશહુર, મહિમા અપૂર્વ ગણાય. જી-વં. ૫
ઉત્કૃષ્ટ પરિસહો આપને આવ્યા, ચળ્યા નહિ ક્ષણવાર. જી-વં. ૬
સહાય ના લીધી ઇંદ્રો સુદ્ધાંની, સ્વયં લીધું દિવ્યધામ. જી-વં. ૭
આપના જેવા પુરૂષો વિરલા, કર્યો જગત્ ઉપકાર. જી-વં. ૮
દાસ તણી એક વિનંતી ધરજો, દયો સ્થાન આપની પાસ. જી-વં. ૯

ઘેલાભાઇ પ્રાણલાલ શાહ.-કલોલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " સરસ્વતી–મહિમા. "

( આવી મુરતી મોહનગારી ચિદાનંદ મહાવીર તારી....એ રાગ. )

વિદ્યા પામો ભારતવાસી કરવા ઉન્નતિ જગ આબાદી,
એ વિણ :પસ્તાવો ભારી બનજો ખ્યાસી ભારતવાસી—એ ટેક.
શ્રેષ્ઠ શિરોમણિ દાન ગણાયે,
અખિલ વિશ્વમાં એ વખણાયે;
સમય બચાવી આ તક સાધી લ્યો એ દાનની લ્હાણી—વિદ્યા....૧
વિદ્યા લક્ષ્મી આપે શકિત,
સદ્‌વ્યયથી તે પામે વૃદ્ધિ;
નવ લુંટે લુંટારા લક્ષ્મી જાણે જગ અવિનાશી—વિદ્યા....૨
માત ભ્રાત સરીખી માનો,
દુ:ખમાં આપે ધૈર્ય દિલાસો;
વિરહ વખતમાં વનિતા સમ એ રીઝવે સબરસ શાણી—વિદ્યા....૩.
વિદ્યા ભૂષણ શ્રેષ્ઠ પ્રમાણો,
હેમ હીરા મોતીમાં વખાણો;
સૃષ્ટિ તણો શણગાર સજી દો માનવ અંગ દીપાવી—વિદ્યા....૪.
સુરતરૂ તુલ એ આશ્રય આપે,
વાંચ્છિત ફળ દઇ દુ:ખડાં કાપે;
શિતળ છાંયે શાન્તિ આપી ઉષ્ણતા વારે અકારી—વિદ્યા...૫.
રવિવત્ કિરણ ફેંકે રંગી,
ખિલવે બુદ્ધિ કુમુદ સુગંધી;
મ્હેકાવે મીઠી મઘમઘતી ખુશબો જગ જયકારી—વિદ્યા....૬.
વિનય વાધે નમ્રતા આવે,
સુશીલ શાણા સભ્ય બનાવે;
વ્યવહાર પાઠ પઢાવી ઉંચા સ્થાપે વિશ્વમાં ખ્યાતિ—વિદ્યા....૭.
વિદ્યા વિણ જીવન ધુળધાણી,
દેખે દીને રાતડી કાળી;
સર્વ સુખડાં હોય પણ નવ પોષાયે અજ્ઞાની—વિદ્યા...૮.
સરસ્વતી ઉપાસના ચાહો,
શું કહું મહિમા મોટો માનો;
પ્રસન્ન કરો, કરે રંક રાય સહુ પૂજન ચહી સુખકારી—વિદ્યા....૯.

( રચનાર:—**મણીલાલ માણેકચંદ મહુધાવાલા.** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સખાવત.

ગતાંક પૃષ્ઠ ૨૧૦ થી શરૂ.

સખાવતને લગતા વિષયમાં આપણા તીર્થો પણ સમાઇ જાય છે; અસલના વખતની કરોડો રૂપીઆની સખાવતને પરિણામે આપણે ભવ્ય દેવાલયો અને આત્માને અને મનને આનંદ ઉપજાવે તેવા ધાર્મિક સ્થાનો આપણી નજર આગળ અસલના વખતની સખાવતના ચીન્હ તરીકે જોઇએ છીએ; છતાં જોઇએ તેવી સંભાળપૂર્વક વ્યવસ્થા નહિ સચવાઇ રહેવાથી અત્યારે ભયભીત સ્થીતિમાં આવી પડેલ છે અને ખેદનો વિષય તો એ છે કે ચાલુ જમાનામાં ;જ્યારે જડવાદનું જોસ વધતું જાય છે અને ધર્મ ઉપરની શ્રદ્ધા દિનપ્રતિદિન અલોપ થતી જાય છે. તેવે સમયે આવા સ્થાનો મુશ્કેલીના કારણરૂપે થઇ પડે તે ખરેખર આપણી કમનસીબીજ છે; પરંતુ આશા રાખીશું કે કુદરત કાંઇપણ રસ્તો બતાવશે કારણ કે એવો નીયમ છે કે " As the daughters of sorrows go up, the angels of mercy come down " તે પ્રમાણે હજુપણ આપણી ખાતરી છે કે પરમકૃપાલુ પરમાત્મા આપણા તીર્થ પ્રત્યેની ભાવનાનો બદલો આપ્યા વિના રહેશે નહિં, કારણ કે કુદરતના નિયમોમાં કયા આધારે અને કેમ ફેરફાર થાય છે, તે જાણનાર ઘણાજ ઓછા હોય છે. સખાવતના ઉત્કૃષ્ટ કાર્ય યંત્રને ચલાવી તેમાંથી પ્રાપ્ત થતું પૂન્ય ઉપજાવવા સારૂ ધાર્મિક કુશળ અને બુદ્ધિશાલી મનુષ્યોની ખાસ આવશ્યકતા છે; કારણ કે જુદા જુદા તીર્થસ્થાનો ઉપર લાખો નહિ બલ્કે કરોડો રૂપીઆ સખાવતના આ કાર્યમાં રોકાયેલ છે; આવી રીતે થયેલ સખાવત ટકાવી રાખવાને પણ આપણે શક્તિહીન થયા છીએ તે ખરેખર ખેદનો વિષય છે. અત્યારસુધી આવી જાતની ગેરવ્યવસ્થા થતી હોવા છતાં કાયદાની જંજાલ હજુ સુધી ઉભી થઇ નથી તેમજ અગ્રેસરો અને ટ્રસ્ટીઓને પોતાની જવાબદારીનો ખ્યાલ આવી શકતો નથી તેટલુંજ ગનીમત કરવા જેવું છે; પરંતુ આવી રીતભાતથી સામાજીક દ્રષ્ટિથી કોમને જે ભારે નુકશાનીમાં ઉતરવું પડે છે તેનો ખ્યાલ સહેલાઇથી આવી શકતો નથી. અને તેથીજ સખાવતના નાણા ઉપર કેટલેક ઠેકાણે ટ્રસ્ટીઓની બેપરવાઇથી અનિયમિત રીતે જે બરબાદી થતી જાય છે તે ઉપર પૂરતો અંકુશ મુકાવો જોઇયે છીએ. જ્યાંસુધી દાક્ષીણ્યતા અને શરમાશરમીમાં આવી જાહેર સખાવતો ખોરંબે પડી હોય છે; અને નાતનો કાંઇપણ અંકુશ નહિ હોવાથી મરજીમાં આવે તેમ નાણાનો ઉપયોગ થાય છે અથવા જ્યાં પડયા હોય છે ત્યાંના ત્યાં રહી જાય છે; આવી સ્થીતિ લાંબો વખત નભી શકે તેમ લાગતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી કારણ કે સરકાર તરફથી બધા સખાવતના અને ધર્માદાખાતાના નાણાની વ્યવસ્થા બરોબર સચવાય તેટલા સારૂ Charity Act કાઢવા વિચાર ચલાવવામાં આવે છે અને તેનો સમય થતા કુદરતી રીતે બધું વ્યવસ્થાપૂર્વક થશે. છતાં પણ સખાવતની વ્યવસ્થા સંબંધી લોકમત કેળવવો જોઇએ અને કાયદેસર રીતે દરેક ધર્માદાખાતાના ટ્રસ્ટીઓ પોતાની જવાબદારી સમજતા શીખતા હોવા જોઇએ, કે જેથી કોઇપણ વ્યક્તિ ગમે તે વખતે હીસાબ મેળવી શકે. આ વિષયને અંગે છુટા છવાયા વિચારો જન સમાજ સન્મુખ રજુ કરવામાં આવ્યા છે અને જાહેર ખાતાના તેમજ ધર્માદાખાતાના સખાવતના નાણાની બરોબર વ્યવસ્થા સચવાય તેવા હેતુથી આત્મભોગ આપનાર વ્યક્તિઓ તરફથી સંભાળપૂર્વક કાર્ય કરવામાં આવે અને નાણાની બરબાદી થતી અટકે તેટલા સારૂ જુદી જુદી દિશામાં કેવી રીતે જાહેરના પૈસાનો દાળોવાટો થઇ જાય છે તે ઉપર સમાજના અગ્રેસરો અને નેતાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

Narotamdas B. Shah.

## आध्यात्मिक बल.

આ વિશ્વમાં વિવિધ દેખાવોનું બારીક નિરીક્ષણ કરતાં આપણને દરેક વસ્તુ અને દરેક બનાવમાં ચમત્કાર અથવા અલૌકિકતા અને અદ્દભુતતા ભાસ્યા વિના રહેશે નહિં. જ્યાં ત્યાં કુદરતનું આશ્ચર્યજનક કાર્ય જણાય છે. એક સૂક્ષ્મ બીજનાં કણમાંથી મહાન્ વિસ્તારવાળું વૃક્ષ પ્રકટ થાય છે એ શું અલૌકિક નથી ? છતાં તેમાં આપણને કોઇ પ્રકારનું આશ્ચર્ય નથી થતું તેનું કારણ માત્ર એ છે કે તે આપણા નિત્યના પરિચયનો વિષય થઇ પડયો છે. પરંતુ આપણે એક એવો મનુષ્ય કલ્પીએ કે જેને બીજમાંથી વૃક્ષ પ્રકટ થવાની હકીકતનું મુદલ જ્ઞાન નથી; હવે જો તેને પહેલી વારજ આવો અનુભવ બીજમાંથી વૃક્ષ થવાનો મળે તો તેના આશ્ચર્યનો પાર રહેશે નહિં. આપણા નિત્યના અનુભવના વિષયોમાંથી આપણી અલૌકિકતા જતી રહે છે. જ્યાં ચિત્રકારની પીંછી ફર્યાનું નિશાન સરખું પણ નથી, તેવા ઇંડામાંથી વિવિધરંગી મયૂરનું પ્રકટ થવું, રૂતુઓના અદ્દભુત પરિવર્તનો, પ્રત્યેક ક્ષણે ફરતી-ચાલતી કુદરતની મનોહર રચના એ આદિ ઘટનાઓ શું મનુષ્ય બુદ્ધિનો વિષય છે ? છતાં આપણને તેમાં અલૌકિકતા જણાતી નથી, કેમકે આપણે તે સર્વથી ટેવાઇ ગયા છીએ અને જે બનાવ આપણે પ્રથમ વારજ આપણા જીવનમાં અનુભવીએ છીએ ત્યાં વાસ્તવિક રીતે બહુ આશ્ચર્યનું કારણ ન હોય છતાં આપણે તેમાં અદ્દભુતતા કલ્પી લઇએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સર્વ કુદરતની રચનાઓ ચોક્કસ નિયમોને આધીન હોય છે, તે નિયમો આપણે જાણતા ન હોવાથી આપણને તેમાં વિસ્મય થાય છે અને તેનું જ્ઞાન થતાં તે આપણને સામાન્ય તથા બુદ્ધિને અનુસરતું ભાસે છે. પુદ્ગળ અને ચૈતન્ય શકિતનો જ આ સર્વ વિલાસ છે. અને તેના નિયમોનું જ્ઞાન થતાં આશ્ચર્ય જેવું કશું જણાતું નથી. જડ સૃષ્ટિમાં પ્રકાશ, વિદ્યુત્ આકર્ષણ શકિત ( gravity of attraction ) વિગેરે રહેલાં છે જેનાં કાર્યો આપણને અલૌકિક સરખાં ભાસે છે. હમણાં અમેરીકન ડોકટરોએ રંગમાં પણ આશ્ચર્યકારક શક્તિ તેમજ સૂર્યના કિરણોના રંગથી અનેક દર્દો મટી જવાની હકીકતો સિદ્ધ કરેલી છે. જડ ઔષધિઓમાં અનેક દર્દોને મટાડવાનો ગુણ છે, આ સર્વ શકિતઓનું કાર્ય સ્થૂલ ભૂમિકા ઉપરનું છે તેથી આગળ વધીને જ્યારે માનસિક ભૂમિકાનું દર્શન કરીએ છીએ ત્યારે વળી અધિક વિસ્મયકારક દેખાવો આપણે અનુભવીએ છીએ. પરંતુ તે પણ આપણા રોજના સહવાસનો વિષય હોવાથી વિસ્મય જેવું જણાતું નથી. એક મનુષ્ય ક્રોધવશ બને છે અને સામાન્ય સંયોગોમાં તે ન કરે તેવા કાર્યો કરી બેસે છે; ખરેખર એક ડાહ્યો મનુષ્ય ક્રોધના આવેશમાં તેણે કે તેની આસપાસના કોઈએ ન ધાર્યું હોય તેવું કાર્ય કરી વાળે છે અને તે શાનું પરિણામ છે? એ વિષે વિચાર કરતાં જણાય છે કે ક્રોધ નામક કષાયે તેના મનમાં વિકાર ઉપજાવ્યો છે અને તેથી તેનો સામાન્ય ક્રમ તેટલો કાળ બદલાઈ જઈ તે વિકારવશ સ્થિતિમાં થવા યોગ્ય કાર્ય કરવા પ્રેરાય છે. આપણા મનમાં થતા ફેરફારોથી ભારે અસાધારણ કાર્ય બને છે. બે મનુષ્યો વચ્ચે સામાન્ય મૈત્રીનો સંબંધ હોય અને તેમાંથી એક જણ શબ્દદ્વારા અન્યનું અપમાન કરે તો તે અન્યના મનનું વલણ એકદમ બદલાઈ જશે. અને તેનું અપમાન કરનાર પ્રતિ એકદમ વલણ ફેરવી જુદાજ પ્રકારે વર્તશે. આ વર્તન એ મનમાં થયેલા વિકારોનું પરિણામ છે. વળી તેજ મનનું વલણ જ્યારે ઉત્તમ સંયોગો જડી આવે છે ત્યારે ત્યાંથી સુંદર વિચારો ઉત્પન્ન થાય છે. ક્ષણે ક્ષણે થતો આ મનના વલણનો ફેરફાર એ પણ ઓછા આશ્ચર્યનો વિષય નથી.

શારીરિક અને માનસિક બળ કરતાં એક ત્રીજા પ્રકારનું બળ છે તે હૃદયબળ અથવા ચારિત્ર બળ છે. આ સૌથી ચડીઆતું બળ છે. તેના પરિણામો પણ અત્યંત મહાન્ છે.

શારીરિક બળ માનસિકબળ અને હૃદયબળ એ ઉત્તરોત્તર એકએકથી અધિક ચડીઆતી શકિતઓ છે, અને તે સર્વનું કારણ એકજ આત્મશકિત—આત્મપ્રેરણા છે. એ ત્રણે શકિતઓ એકજ શકિતની સ્થૂલ—સૂક્ષ્મ અને સૂક્ષ્મતર કળાઓ છે. અને તે શકિત જેમ જેમ વધારે સૂક્ષ્મ થતી જાય છે, તેમ તેમ તે અધિક બળવાન્ થતી જાય છે. કોલસા કરતાં તેમાંથી અગ્નિદ્વારા ઉપજાવેલી વરાળ અને તેમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયોગ વિશેષવડે ઉત્પન્ન થયેલી વિદ્યુતનું બળ જેમ ઉત્તરોત્તર અધિક સામર્થ્યવંત છે તેમ શરીર મન અને હૃદયનાં બળો અનુક્રમે સ્થૂલ સૂક્ષ્મ અને સૂક્ષ્મતર હોઇ અધિક બળવાન્ છે.

શરીરબળ મનોબળ અને ચારિત્રબળ એ ઉત્તરોત્તર ચડીઆતાં છે. મનોબળ વિનાનું એકલું શરીર બળ માત્ર જંગલી પ્રજાઓમાં જોવામાં આવે છે અને તેવી પ્રજા ઉપર ઓછા શરીર બળવાળી પરંતુ તે સાથે મનોબળના સંયોગવાળી પ્રજા આધિપત્ય ભોગવે છે. પશુઓ ઉપર મનુષ્યો સત્તા ચલાવી શકે છે તે મનોબળ–બુદ્ધિબળને અંગે જ હોય છે.

શ્રીમદ્ આનંદઘનજી કહે છે તેમ ' તર્ક વિચારે રે વાદ પરંપરારે ' એ શબ્દોનું રહસ્ય એમ સૂચવે છે કે બુદ્ધિવાદ કરતાં ચારિત્રબળ એજ માનવજીવનની સાર્થકતા છે. મુખ્યતાએ હાલમાં ચારિત્રબળનો લગભગ અભાવ જોવામાં આવે છે. મનુષ્યો વાક્શૂર વિશેષ બની ગયેલા હોવાથી વર્તનમાં શૂન્ય બની ગયા હોય છે. મનોબળયુકત પુરૂષની સત્તા જ્યારે સંસારમાં અને તેની આસપાસના સમુદાય ઉપરજ ચાલી શકે છે, ત્યારે ચારિત્રશકિતસંપન્ન પુરૂષની સત્તા દેવો ઉપર પણ પ્રવર્તી શકે છે. જેઓ મનમાં ઉઠતાં અસંખ્ય વિકારો ઉપર વિજય મેળવે છે, કામ, ક્રોધ, લોભ કે મોહના બળવાન નિમિત્તો હોવા છતાં એક રોમમાં પણ તેવી વિકારી અસર ઉપજવા દેતા નથી, પ્રિયમાં પ્રિય પદાર્થોનો વિયોગ થવા છતાં પણ મુંઝાઇ જતાં નથી, હડહડતું અપમાન થવા છતાં પણ ક્રોધનો લેશભાર સંચાર થવા દેતા નથી અને હૃદયના અનેક આવેગોને દબાવી શકે છે તે શકિતનું નામ ચારિત્ર બળ છે. વ્યવહારના નિત્ય પ્રસંગોમાં અંતઃકરણની શાંતિ એક સરખી સાચવી રાખવી, ધન અને સ્વજનોનો વિયોગ થતો હોય તોપણ સત્યના પથમાંથી જરી પણ ન ચલવું અને ઉત્કટ ઉપાધિઓના પ્રસંગોએ પણ વ્યાકુળતા જરા પણ ન અનુભવવી એ હૃદય બળ છે. જ્ઞાનની પરિપાક દશા તે આ છે. શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાન એ ત્રણે જ્ઞાનોમાં ઉપરની પરિસ્થિતિ તે ભાવના જ્ઞાન છે. **ज्ञानस्य फलं विरतिः** એ સૂત્રનો સાર ચારિત્રબળની પ્રાપ્તિમાં જઇ સમુદ્રમાં જેમ નદી નાળાં અને ખાબોચીઆં પર્યવસિત છે તેમ આ ચારિત્રબળમાં પણ સર્વ પ્રકારના બળોનો સમાવેશ થાય છે.

ઘણા વર્ષો સુધી કારાગ્રહના નિબિડ અંધકારમાં રહેલા કેદીને સૂર્યનો પ્રકાશ જેમ અલૌકિક લાગે છે તેમ આપણને ઉપરનાં બળો અલૌકિક લાગે છે; તત્વતઃ તે બધા આ આત્માને માટે છેકજ સ્વાભાવિક છે. માત્ર ઉપાદાન કારણ રૂપ આત્માની તૈયારી થવી જોઇએ. નિમિત્ત કારણો આસપાસ અનેક હોય, પરંતુ આત્માના અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવોના પરિપાક પછીજ સાચું ચારિત્ર બળ પ્રકટે છે. અને તે પોતાનાજ આત્મનિર્ણયથી સિદ્ધ થયેલું હોય છે. અન્યની અપેક્ષા દાક્ષિણ્યતા કે પરાધીનતા વગરનું હોય છે. વસ્તુસ્થિતિ આમ હોઇ પ્રત્યેક આત્માએ ચારિત્ર બળમાં કેમ પ્રગતિ થાય તે માટે પોતે પોતાને ટકાવી રાખવા પ્રયત્નશીલ થવું જોઇએ.

ફતેહચંદ.

# આત્માને ઉપદેશ.

( છગનલાલ ન્હાનચંદ નાણાવટી ( વેજલપુર—**ભરૂચ.** )

( પદ. )

અવર કોણ ઉપદેશે તુજને, તું જ્ઞાની તું શૂરો રે;
કટિબદ્ધ થઈ કર ઉદ્યમ તું, જયમ વાધે તુજ નુરો રે. અવર૦ ૧

નરક નિગોદ નિવારી આવ્યો, નરભવમાં તું ઊંચે રે;
બની બ્હાવરો હવે કયમ તું, મોહ કીચમાં ખૂંચે રે. અવર૦ ૨

સમુદ્ર તરવા સમર્થ થયો તું, કયમ ડૂબે ખાબોચે રે;
વીર્ય ફોરવી વેગે વીરા, જઇ પહોંચ તું ટોચે રે. અવર૦ ૩

ચાર[1] ચોરને દોય [2]ખવીસથી, સાવધ થઇ સંચરજે રે;
કદિ વિશ્વાસ ન કરીશ તેહનો, સંગ સદા પરહરજે રે. અવર૦ ૪

જ્ઞાનાદિ ત્રણ રત્નો કેરો, ગુપ્ત ખજાનો ત્હારો રે;
આશા શ્રદ્ધાને ઉદ્યમથી, ખણી કાઢ તું બહારો રે. અવર૦ ૫

કાયર થઇ કયમ કાળ ગુમાવે, ચેતન નામ ધરાવી રે;
નરભવ નીકો સફળ કરી લે, શત્રુ[3] સૈન્ય હરાવી રે. અવર૦ ૬

વિકલ્પ સઘળા દૂર કરીને, રમજે શુદ્ધ સ્વભાવે રે;
વિમુખ થાતાં પરવસ્તુથી, પરમાનંદ પદ પાવે રે. અવર૦ ૭

---

૧ ક્રોધ, માન, માયા અને લોભ. ૨ રાગ અને દ્વેષ ૩ અંતરંગ (ભાવ) શત્રુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણું સંગઠન.

અત્યારના સમયે સારાયે ભરતખંડમાં ચોતરફ નજર ફેંકવામાં આવે તો પ્રથમ અને મુખ્ય વસ્તુ જે શ્રવણગોચર થાય છે તે સંગઠન વિષેની. મુસ્લીમ કોમ સંગઠન દ્વારા પોતાનું બળ એકત્રિત કરવા ઇચ્છે છે. અને હિંદુ કોમનું એ તરફ ધ્યાન ખેંચવા સારૂ–કંઈ કાર્યસાધક કામ કરવાં સારૂ માનનીય લાલા લજપતરાય અને ડૉ. મુંજે જેવા કમર કસી રહ્યા છે અને ગામે ગામ તે અર્થે સભાઓ સ્થાપી રહ્યા છે. શીખકોમના સંપ વિષે તો ભાગ્યેજ કોઇ જૈન બંધુ અજાણ હશે ! આટલું જાણ્યા છતાં હજુ પણ આપણી આંખ નહિં ઉઘડે ! શું આપણને જાગવા સારૂ અત્યારની આપણી શોચનીય પરિસ્થિતિ ઓછી છે ! જરા ધ્યાન આપો, બંધુ જરા શાંત ચિત્તે વિચાર કરો શ્રી શત્રુંજયની બાબતમાંથી આપણે શું સાર ખેંચી શકીએ છીએ ? જૈનેતર સાહિત્યકોના મનમાન્યા લખાણોમાંથી ફલિતાર્થ શો તારવી શકાય છે ? લાલ હિંડબીલ જેવા ચીંથરીયાથી આપણી સમાજના ઉંડાણમાં કેવા સ્વાર્થી હૃદયો પાસા ખેલી રહ્યાં છે તેની પ્રતિતી થાય છે. આ ઉપરાંત તો આવી આવી સંખ્યાબંધ ક્ષુદ્ર બાબતો આપણાં રક્તનું શોષણ કરી રહી છે. આજે નથી આપણા સાધુ સમાજમાં પરસ્પરનો મેળ કે સદ્દભાવ ભાવવા દુર્લભ થઇ પડયાં છે અને ગામે ગામના સંઘોની સ્થિતિ તો પક્ષભેદોને લઇ મહાસાગરની મધ્યમાં ઝોલા ખાતા નાવ સદૃશ બની રહી છે.

આ પરિસ્થિતિને સુધારવામાં જેટલો વિલંબ થાય છે એટલું આપણે વધુ જોખમ વહોરીએ છીએ એમાં જરાપણ શંકા જેવું નથી.

અત્યારની પળે સાધુવર્ગમાંથી અને શ્રાદ્ધગણમાંથી શાસનની દાઝ જાણનાર, ગંભીર હૃદય અને જેની છાપ પડી શકે તેવા વિરલ આત્માઓએ બહાર આવી એક સામાન્ય કાર્યક્રમ નક્કી કરી; દરેક સાધુ સમુદાયમાં પ્રથમ ફરીવળી અણીના સમયનું ભાન કરાવી, એ વેળા ક્ષુદ્ર કલેશોને જતા કરવાની વિનંતી કરી એકતાનો પાયો નાંખવાનો છે. અને એ સાથેજ સંઘોમાં પ્રવર્તી રહેલા પક્ષભેદોને દૂર કરવા માટે ખાસ પ્રયાસો કરવાના છે.

પ્રતિષ્ઠિત સાધુ વર્ગને સારૂ કે લાગણીવાળા શ્રાદ્ધને સારૂ આ કાર્ય મુશ્કેલ છતાં દુસાધ્ય નથી પણ સુસાધ્ય છે. એમ કરવામાં ઓછું પુન્ય તો નથીજ. આવો પ્રયત્ન સેવવાની સુવર્ણઘડી આવી ચુકી છે. શું એનો ખ્યાલ કોઇ વિરલ હૃદયને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં આવે ! એટલી તો ગાંઠવાળવી ઘટે કે હવેના સમયમાં આપણી દરેક લડતોના વિજયનો આધાર આપણા સંગઠિત બળ પરજ રહેવાનો. એક સમય એવો આવશે કે આપણે માન્યતાનો ફેર હોવા છતાં અમુક વિષયોમાં ત્રણે ફિરકાઓએ સાથે ઉભી કામ કરવું પડશે, તો પછી આપણા શ્વેતાંબર ગણમાં પડેલા ચીરા યાને ઘર કરતાં કલેશોને સારૂ અત્યારથી ઉપાય યોજીએ તેજ ઇષ્ટ છે. રોગને થતો ચાંપવો એમ નીતિકારનું કથન છે. આપણી બાબતમાં એ અક્ષરશઃ સાચું છે. મુલ્તવી રાખવાના માઠા પરિણામ વિષે આપણે સાવ અજ્ઞાત તો નથીજ. અલં-પ્રાસંગિકેન.

લી૦

**મોહનલાલ દીપચંદ ચોકસી.**

# શ્રી મહાવીર પ્રભુનું સર્વોત્તમ જીવન.

**( આત્મવલ્લભ. )**

શ્રી વીર પ્રભુ માત્ર પોતાના શરીરથી નહિં પરંતુ તેમના સર્વોત્તમ જીવન અને વર્તનના નૈતિક સૌંદર્યથી પરમાત્માપણાની પ્રતીતિ કરાવતા હતા. તેમની પવિત્ર અને ઉચ્ચ પ્રકૃતિમાં પરમાત્મપણાની પવિત્રતા, અને શ્રેષ્ઠતાની સાક્ષાત્ મૂર્ત્તિ હોય તેમ ભવ્ય મનુષ્યોના જોવામાં આવતું હતું; અને તેમનું ઉન્નત જીવન એ પરમાત્મ સ્વરૂપ જોવાની જાણે આરસી હોય તેમ શ્રદ્ધાળુ જીવોને પણ દેખાતું હતું.

આત્માનું સ્વરૂપ આત્મિક પદાર્થમાંજ તાદશ આવી શકે. પરમાત્માની છેક નજીક તો વીર પ્રભુનું જીવન હોવાથી પરમાત્માની ખરી પ્રતીતિ ત્યાં જેવી થઈ શકે તેવી સાધારણ મનુષ્યના જીવનમાંથી થઇ શકે નહિં.

મનુષ્યપણામાંથી પરમાત્મા પદ મળી શકે છે, તેથી પરમાત્માની મનુષ્યાકારની મૂર્તિ પૂજનિક છે, અને તેથી જો પરમાત્મા આપણને યાદ આવે તો તેમનું તાદશ્ય સ્વરૂપ મહાવીરના મનુષ્ય જીવન અને વર્તનમાંથી જેટલું સ્વચ્છ જોઇ શકાય તેટલું બીજા કશામાંથી જોવાઇ શકાતું નથી.

મનુષ્યના સામાન્ય સ્વરૂપમાં આત્મા કર્મથી મલીન થઇ ગયેલ, તેનું ધોરણ ઝાંખું અને બહિરાત્મપણું દેખાય તેવું હોવાથી દૈવી પ્રકાશ તેનાથી ઝળકી શકે નહિ. લાખો કે હજારો વર્ષે કોઇ દૈવી જીવન-પરમાત્મા જીવન કે વીરપરમાત્મા જેવી વ્યકિત જન્મે છે, કે જેનો આત્મા પરમાત્માનું પ્રતિબિંબ ગ્રહણ કરે તેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. આ અવસર્પિણી કાલમાં છેલ્લી તેવી મહાન વ્યકિત પુરૂષ શ્રી વીર પ્રભુ છે, કે જેના પ્રભાવથી અને ઉત્તમ જીવનથી અનેક જીવો સંસાર સમુદ્ર તરી ગયા છે. તેમના અદ્વિતીય કેવલજ્ઞાનમાં, પવિત્રતામાં–વિશ્વપ્રેમવાળા જીવનમાં તે વીર પ્રભુ પરમાત્માનું દર્શન કરાવવાને એક દર્પણ જેવું સાધન હતું. વીર પ્રભુના અદ્ભુત જીવનનું જેમ જેમ આપણે ચિંતવન કરીયે છીએ અને દુષ્ટ પ્રાણીઓએ તેમને ઉપસર્ગ કરી પોતાની દુષ્ટતા જે બતાવી તે વીર પ્રભુએ અનંત શકિત છતાં સહન કરી, વીરપણું બતાવી પોતાના આત્માને નિર્દોષ, પવિત્ર, કરૂણાના સાગર કરવાનુંજ લક્ષ રાખ્યું હતું કે જેથી તે પર મનન કરીયે છીયે તેમ તેમ અંતઃકરણ ઉચ્ચ ભાવનાવડે તે પ્રભુ પ્રત્યે આકર્ષતા પવિત્ર નયનોથી તે ઉત્તમ મૂર્તિનું દર્શન કરવાની ભાવના જાગૃત થાય છે.

વીર પ્રભુનું જીવન અપરિમિત ઉપકારી હોઇ, તેમના તીર્થના પ્રવર્ત્તનમાં જો આપણે તેમની પાછળ ચાલીયે તો દયાના સાગર એવા તે પરમાત્માના દર્શન અને સ્મરણ કરતાં દુઃખીને દિલાસો અને પાપી જીવોને પશ્ચાતાપ થતાં પવિત્રતા પ્રાપ્ત થાય છે જેથી તે જોતાં મહાવીર પ્રભુ પ્રત્યે આપણી પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થયા સિવાય રહેતી નથી.

વીર પ્રભુના પવિત્ર દર્શનથી પાપીની દુષ્ટ વૃત્તિ નષ્ટ થાય છે અને માર માર કરતા આવતા પ્રાણીનો ક્રોધ અને વૈર શાંત થઇ જાય છે.

વીર પ્રભુના એકજ વચનથી પ્રાણી માત્રમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટ થાય છે, હૃદયના છુપા દોષો દુર કરવાને તે પરમકૃપાળુની ઉપકારની લાગણીથી કેવી રીતે પ્રાર્થના તે તે મનુષ્યો કરે છે, ન ભૂલી શકાય તેવા હૃદયના ઉંડા ઘા, અંતરની આધિ વ્યાધિ અને ઉપાધિ, દૂર ન થઇ શકે તેવી પ્રચંડ મલિનતા વગેરે તે વીર પરમાત્માના દર્શનથી અને તેમના જીવન તથા વર્તનના ચિંતવનથી ક્ષણવારમાં ઘણા મનુષ્યોના તે દોષો નષ્ટ થયેલ છે વગેરેના અનેક દષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે.

પરમાત્મા સંબંધી વિચાર લાવવાને વિચારશકિતની જરૂર છે કે જેથી સંસારની તીવ્ર લાલસાઓની વચમાં તે મનુષ્યને બીજી અસર થવા પામે નહિં.

શાંત ચિત્ત, એકાંત સ્થળ અને તેજ ધ્યેય બરાબર રાખતાં આત્માને વીરપ્રભુના દર્શન, સ્મરણ, વંદન અને ધ્યાનના વિચાર આવે છે. પરંતુ જ્યારે આપણે જીંદગીની ચિંતા અને સંસારની ખટપટમાં પડેલા હોઇએ તે વખતે પાપ કરતાં અટકી જવા અથવા પાપ કરી હૃદય પૂર્વક પશ્ચાતાપ થવા તે વિચાર જાગૃત રહેવાની જરૂર છે અને ત્યાં તે ન હોય તો આપણે લુબ્ધ થતાં તે પવિત્ર શ્રેષ્ઠ વિચાર અદૃશ્ય થઇ જાય છે.

મનુષ્યનું પવિત્ર અંતઃકરણ મહાવીરમાંજ પરમાત્માને જોઇ શકે છે, પરમાત્માના કાર્યો જોઇ તે મનુષ્યને તેની નજીક જવાની જીજ્ઞાસા થાય છે. પિતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રના જેવા નિસ્વાર્થી પ્રેમની જેમ પ્રભુ પ્રેમનો પરિચિત તે મનુષ્ય થાય છે; મિત્રની જેમ પોતાના દુઃખો અને પાપોને ખુલ્લે દિલે કહેવા ઇચ્છે છે અને તે પ્રભુના હૃદયમાં પોતાના વિષે લાગણી થાય તેવી રીતે દયાની માગણી કરે છે. ચૈત્યવંદન અને પ્રભુ સ્તવનમાં આવી રીતેજ મનુષ્યે એકાકારપણું કરવું જોઇએ. જોકે વીર પ્રભુ સર્વજ્ઞ, સર્વ શકિતમાન, નિરાકાર નિરંજન, આદિ અનંત સ્થિત, પરમ અનંત શકિતવાળા છે, તેઓશ્રી બીજાને કાંઇ આપતા નથી, પરંતુ તેવા શ્રી વીર પરમાત્માના સ્મરણ, મનન, ધ્યાન, દર્શનથી:—આલંબનથી તેમજ તેમના જીવન અને વર્તન ઉપર વિચાર કરી તે પ્રમાણે ચાલવાથી મનુષ્ય તેવા વીર પરમાત્મા થઇ શકે છે.

આવું દૈવી જીવન અને ઉત્તમોત્તમ વર્તન જેમનું છે, તેવા શ્રી વીર પ્રભુને આપણે પરમાત્મા તરીકે પૂજતા, ભકિત કરતાં, સુદેવ તરીકે શ્રદ્ધાથી માનતા અને જગતના કોઇ પણ સંબંધ કે પદાર્થ કરતા વિશેષતાથી અસાધારણ રીતે પ્રેમ કરતાં કોઇ પણ મનુષ્ય પોતાનું જીવન અને વર્તન વીર પ્રભુ જેવું બનાવી શકે છે. આ માસમાંજ પ્રભુનો જન્મદિવસ આવે છે. વીરપ્રભુની જયંતી પણ અનેક સ્થળે ઉજવાઇ હશે તે બધાનો હેતુ એકજ ઉપર કહ્યો તેમ રાખી આપણે તેવા થવા પ્રયત્ન કરવો તેજ કર્તવ્ય છે.

# શ્રી શત્રુંજય તીર્થના સંબંધમાં.

## તા. ૧–૪–૧૯૨૭ ના રોજ અમદાવાદ શહેરમાં શ્રી સંઘની સભા મળી હતી, જેમાં પ્રમુખ સ્થાનેથી મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે આપેલું મનનીય ભાષણ.

શ્રીમત્ શ્રમણ મહાત્માઓ, સુશીલ શ્રમણીઓ, શ્રમણોપાસક અને શ્રમણોપાસિકાઓ.

અત્યારની આપની હાજરી જોઇને . મને ઘણોજ હર્ષ થાય છે કારણકે તીર્થ ઉપરના અત્યંત પ્રેમ વિના એકદમ આવી હાજરી હોઇ શકે નહી.

મહાશયો, સંઘની આવી મોટી હાજરી વચ્ચે મારા જેવાને આપે પ્રમુખસ્થાન આપ્યું તેથી હું સંકોચ અને આનંદ વિકાસ બન્નેનો અનુભવ કરી રહ્યો છું. સંકોચ એટલા માટે કે અમદાવાદ જેવા ગુલજાર શહેરમાં મોટા મોટા પદવીધરો વિદ્વાનો અને વિવેકી સજ્જનો વિદ્યમાન છતાં મારા જેવા એક સામાન્ય સાધુને પ્રમુખસ્થાન અર્પણ કરવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ એટલા માટે અનુભવાય છે કે મારા જેવા ભિક્ષુ તરફ આપ લોકોની લાગણી અને પ્રેમ પ્રત્યક્ષ જોવામાં આવે છે તેથી હું આપનો રૂણી બન્યો છું. તે રૂણ ઉતારવા બે બોલ કથન કરૂં તે આપ શ્રવણ કરવા તસ્દી લેશો.

સજ્જનો, આપણે રાગ દ્વેષ જીતનાર જીનના અનુયાયી જૈનો છીએ. વાસ્તે શ્રી પાલીતાણાના ઠાકોર સાહેબ ઉપર કે વોટસન સાહેબ ઉપર, આપણો અંગત દ્વેષ નથી એ તો નિર્વિવાદ છે ત્યારે આખા હીંદુસ્તાનનો જૈન સંઘ ખળભળી ઉઠયો છે અને બધાના મુખ ઉપર દિલગીરીની છાયા દેખાઇ આવે છે તેનું કારણ શું ? કારણ એજ કે આપણા દીલોજાની પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થ ઉપર પૂર્વ પરંપરાથી ચાલતા આવેલા જુના હક લઇ લેવામાં આવ્યા છે. તે સામે ફકત આપણો સખ્ત અણગમો છે. સજ્જનો, આ વિઘ્નનો વિલય કરવા શેઠ આણંદજી કલ્યાણજીએ તનતોડ મહેનત કરી છે અને છેવટે આપણી વેઠ ઉઠાવી યાને સેવા બજાવી અહિંસાત્મક યાત્રાત્યાગનું અમોઘ હથિયાર આપણા સર્વના હાથમાં અર્પણ કર્યું છે. તે માટે આપણે સર્વ તેમના હંમેશને માટે રૂણી છીએ. શેઠ હોય તો એવાજ હોવા જોઇએ. એક કવિતાકારે કહ્યું પણ છે કે:—

સંઘ તણો જે શેઠ, સર્વની વેઠ કરે છે,
સંઘ તણો જે શેઠ, ગર્વની વાત તજે છે;
સંઘ તણો જે શેઠ, મુખથી સાચું બોલે,
સંઘ તણો જે શેઠ, ન્યાયને અદલજ તોલે;

વિદ્યા વિવેક વધારીને, સંઘ તણી ચઢતી કરે;
જગમાં તે જીવો ઘણું, સંઘ સુધારા શીર ધરે.

સંઘ તણો જે શેઠ, ગરીબ જનોને ગુજારે,
સંઘ તણો જે શેઠ, જીવ અનેક ઉગારે;
સંઘ તણો જે શેઠ, સંઘ વિરોધને ટાળે,
સંઘ તણો જે શેઠ, સદા સર્વેને ગાળે;

કન્યાવિક્રય આદિ જે, દુષ્ટ માર્ગને દુર કરે;
જગમાં તે જીવો ઘણું, સંઘ સુધારા શિર ધરે.

સંઘ તણો જે શેઠ, ધર્મની ધ્વજા ફરકાવે,
સંઘ તણો જે શેઠ, કદી નહી મુખ મરડાવે;
સંઘ તણો જે શેઠ, દીલનો દરીયો જાણો,
સંઘ તણો જે શેઠ, સર્વ કાર્યોમાં શાણો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકટ સર્વે ટાળીને, સર્વ સંઘને સુખ કરે;
જગમાં તે જીવો ઘણું, સંઘ સુધારા શીર ધરે.

સંઘ તણો જે શેઠ, કામ સરાપ્રી કરે છે,
સંઘ તણો જે શેઠ, મુખમાં અમી ઝરે છે;
સંઘ તણો જે શેઠ, સદાચારોમાં શૂરો,
સંઘ તણો જે શેઠ, સત્ય સુશીલમાં પુરો;

આવા સંઘપતિ હોય તે શાસનની ઉન્નતિ કરે;
લાભ અલૌકિક મેળવી સુખે શિવ રમણી વરે.

શેઠીઆઓ, આ કવીતાનો સાર લઈ સંઘમાં પરસ્પર જે વૈમનસ્ય થયું હોય તેની સમજુતીદ્વારા સંપ કરાવી શાન્તી ફેલાવવા હું આપશ્રીને ભલામણ કરૂં છું અને તેમાંજ શાસનની શોભા છે એમ માનું છું.

તીર્થ પ્રેમીઓ, શેઠ આણંદજી કલ્યાણજીએ ફરમાવેલા યાત્રા ત્યાગની બાબતમાં શ્રીમતી જૈન કોનફરન્સે તથા પ્રાંતિક કોનફરન્સે અને યુવક મંડલાદિ જે જે સંસ્થાઓએ મદદ કરી છે તેનો પણ આભાર માનવો સમયોચિત છે.

મહાનુભાવો ! જ્યારે લોખંડની ભસ્મ બનાવવી હોય ત્યારે તેને ઘણો તાપ દેવાની જરૂર પડે છે, તેમ યાત્રા ત્યાગના અસહકાર બંધ થઇ યાત્રા શરૂ થવા માટે આપણને પણ તીવ્ર તપશ્ચર્યાની જરૂર છે તે કારણથી આજે સર્વત્ર સંઘને આંબેલ પ્રમુખ તપ કરવાની હું વિનંતિ કરૂં છું, તે તરફ શ્રી સંઘ ધ્યાન દેશે અને અમલમાં મુકશે એવી હું આશા રાખુ છું. યાત્રા ત્યાગના વિજયશસ્ત્રને આપણી ફતેહ થાય ત્યાં સુધી મક્કમ પણે પકડી રાખીશું તો અવશ્ય આપણો વિજય થશે. મહાશયો ! તે વિજયને વાસ્તે દાન, શીલ, તપ અને ભાવની જરૂર છે. જો તેની સાધના હશે, તો શાસનદેવ આપણને સહાય કરશે અને ઠાકોર સાહેબને પણ સદ્‌બુદ્ધિ આપશે એવું મારૂં માનવું છે. સુજનો, થોડા વખતની સંઘ સેવાથી ધ્રાંગધ્રા નરેશે મોટું માન મેળવ્યું છે, તેવી રીતે પાલીતાણાના દરબાર પોતે પોતાના પૂર્વજોની માફક તીર્થ સેવા ઉપરાંત જૈનોના પૂર્વ કાળથી ચાલ્યા આવતા હક્કો સાચવવા રૂપ સંઘ સેવા કરેતો, હું ધારૂં છું કે ધ્રાંગધ્રા નરેશ કરતાં પણ સહસ્રગણું માન મેળવી શકે. કેમકે જૈનો કદરદાન છે એ વાત તો જગત જાહેર છે. વાસ્તે તેમને શીખવવું પડે તેમ નથી. શાસન દેવતા સર્વને સદ્‌બુદ્ધિ આપો એટલું ઇચ્છી મારૂં બોલવું ખતમ કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમભાવ.

સુખ દુઃખ, શીત ઉષ્ણુ, પ્રિય અપ્રિય, મંગળ, અમંગળ, વિજય પરાજય, સિદ્ધિ, અસિદ્ધિ, આદિ દ્વંદ્વોમાં હર્ષ શોક કે રાગ દ્વેષનો અનુભવ નહી કરતા સર્વ અવસ્થાઓને સમાન ભાવે, પ્રફુલ્લ ચિત્તે, હાસ્ય મુખે ગ્રહણુ કરી લેવી, એ પ્રકારની આત્મ-સ્થિતિને જ્ઞાની જનોએ "સમભાવ" નામથી સંબોધી છે. અનિત્ય વસ્તુમાં આસકિત રાખી તેના આગમનથી આનંદિત થવું અને તેના અભાવથી દુખિત થઇ વ્યથા અનુભવવી, એનું નામ અજ્ઞાન છે. આ અજ્ઞાનથી આપણા આત્માનો અનશ્વર સનાતન ભાવ ઢંકાઇ જઈ, કોઈ અવસ્થામાં સુખની મસ્તિમાં અને કોઇ અવસ્થામાં દુખના સાગરમાં નિમગ્ન થવાય છે. આ પ્રકારે ક્ષણિક ભાવોથી અભિભૂત ન થતાં સર્વ વિષયોના સર્વ પ્રકારના સ્પર્શોને એક સરખી રીતે સહ્ય કરવા અને સર્વ દ્વંદ્વોમાં સમસ્થિતિ નીભાવવી એ જ્ઞાનનું મુખ્ય લક્ષણ છે. અને તેનાથી વિપરીત સ્થિતિ એ અજ્ઞાનનું બંધન છે.

જે મહાપુરૂષો સાધનના બળથી આત્માની આ પ્રકારની સમ-સ્થિતિ સિદ્ધ કરી શકયા છે અર્થાત્ જેમના અંતઃકરણને નશ્વર ક્ષણિક પદાર્થોથી ઉત્પન્ન થતી લાગણીઓનો રંગ સ્પર્શી શકતો નથી, તેમણે તે સિદ્ધિના તારતમ્ય અનુસાર અમૃત તત્વની ઉપલબ્ધિ કરેલી ગણાય. આ સાક્ષાત્કાર એ સર્વ શાસ્ત્રોનો મુખ્ય ઉપદેશ છે અને પ્રભુ મહાવીરના કથનનો સાર અંશ છે. જ્યાં સુધી આત્મા ઉપર ક્ષણિક ભાવોની વિવિધ રંગી છાંયા પડયા કરે છે, અને આત્મા તેમાં એકત્વ-ભાવ અનુભવી, સુખ દુખ, હર્ષ શોક અને રાગ દ્વેષનો ભોકતા થાય છે, ત્યાં સુધી તે સંસાર-બદ્ધ છે. જ્યાં સુધી આ દ્વંદ્વભોગ શરૂ રહે છે ત્યાં સુધી શુદ્ધ આત્મિક ભોગનો અનુભવ થઇ શકતો નથી. આ દ્વંદ્વ-ભોગ શાંત થયા પછીજ "ભોગાંતરાય કર્મ" નો વેગ બંધ પડે છે, અને શુદ્ધ ભોગની શરૂઆત થાય છે. શુદ્ધ ભોગનું આપણી વર્તમાન દ્વંદ્વાત્મક અવસ્થામાં આપણને સ્વપ્ન પણ હોતું નથી, કેમકે અત્યારની આપણી દ્વંદ્વ-ભોગની સ્થિતિમાં શુદ્ધ-ભોગની સ્થિતિનો બાધ થાય છે. જેમ જેમ સમભાવ આત્મામાં પરિણમતો જાય છે તેમ તેમ શુદ્ધ અમૃતત્વના ભોગની ઉપલબ્ધી થતી જાય છે. આપણા શાસ્ત્રકારોએ સામાયિક વ્રતની પ્રતિષ્ઠા આ હેતુની સિદ્ધિ માટેજ કરેલી છે. જો કે સર્વ દેશીય હિતના આ યુગમાં તેનું મૂળ રહસ્ય વિલુપ્ત થઇ ગયું છે. છતાં જેમને અંતર્દષ્ટિ છે તેઓ આ પરમ રહસ્ય પર સંકેતનું એ વિધાનમાં દર્શન કરી શકે છે અને તે હેતુ પોતા સંબંધે સિદ્ધ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા પ્રયત્નવાન થાય છે, ક્ષણિક–ભાવોનો રંગ આત્માને સ્પર્શ ન કરે તે માટે પ્રથમ આપણે ભાવોનું સ્વરૂપ સમજવું ઘટે છે. ભાવોની ઉત્પત્તિ–વિલય, ચય–ઉપ ચય, વૃદ્ધિ–હ્રાસ, બરોબર સમજવામાં આવે તો, તેમની ગતિનો બરાબર લક્ષ્ય કરી, આપણે તેને નિગ્રહમાં રાખી શકીએ અગર આત્મા સંબંધી તેની દ્વંદ્વ-ભાવયુકત અસરથી મુકત રહી શકીએ.

આપણા હૃદયમાં હર્ષ શોકના જે તરંગો ઉત્પન્ન થાય છે તેના સ્વરૂપ વિષે વિચાર કરતાં એમ જણાય છે કે આ ભાવ–તરંગો નિરંતર પરિવર્તનશીલ રહ્યા કરે છે. આપણે આપણા પોતાના જીવનની પરીક્ષા કરીશું તો માલુમ પડશે કે આપણા અંતરમાં અમુક અમુક કાળે કયા ભાવો પ્રધાનપણે વર્તતા અને કાળક્રમે તેમાં કેવો ફેરફાર થયો છે. કેટલી મૈત્રીઓ પ્રેમ–ભાવો બંધુતાઓ ઉત્પન્ન થઇ અમુક કાળ માટે આપણા અંતરનું રાજત્વ ભોગવી પાછી કયાં વિલય થઇ ગઈ તેનો પતો નથી. જેમના વિષે આપણને એકવાર ઘનીષ્ટ બંધુતાનો ભાવ હતો, જેના વિના આપણે એક કાળે આપણા સુખને સુખરૂપે અનુભવી શકતા નહીં તેઓ કદાચ આપણને આજે સામા મળે તો સલામનો વ્હેવાર પણ નહી હોય એ મૈત્રી–ભાવનું કેવું અદ્દભુત પરિવર્તન ? કેટલી આકાંક્ષાઓ હૃદયમાં ઉત્પન્ન થઇ થોડો કાળ આપણા જીવન ઉપર અધિકાર ભોગવી વખત જતાં પાછી કયાં હવામાં ઉડી ગઇ તેનો પત્તો પણ નથી. એક કાળે તમે ધર્માનુરાગના પ્રબળ તરંગની કલગી ઉપર વિરાજમાન થઈ કાંઇ કાંઇ મહદ્દભાવોના સ્વપ્ના રચ્યા હશે. ધર્મ માટે જીવન સર્વસ્વનું અર્પણ કરી દઇ, વ્યકિત, કુટુમ્બ, સમાજ અને દેશના કલ્યાણના મનોરથોમાં મસ્તિ માણી હશે પણ કાળના વહેવા સાથે એ ભાવો હવામાં અલોપ થઈ બીજા અસંખ્ય નરનારીઓની પેઠે આજે તમે તમારા સ્વાર્થની અને સંસાર ભોગની સેવામાં લાગી ગયા છો. ભાવનું કેવું આશ્ચર્ય પરિવર્તન ! ભાવોની પરિવર્તન શીલતાનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે વિસ્મય–સાગરમાં ડુબ્યા વગર રહી શકાતું નથી. પ્રભાતમાં ઉઠયા પછી ઇશ્વર–સ્મરણ કરતી વખતે જે ભાવો અને આકાંક્ષાઓ અનુભવીએ છીએ તેને અનુસરાય તો આપણું તે રોજનું જીવન કેવળ ઉચ્ચ અને પ્રભુ આજ્ઞા પ્રમાણે નિયમાવું જોઇએ; તે સમયનો વેગ અને ભાવ–સામર્થ્ય કાંઈ અલૌકિકજ હોય છે પરંતુ બીજીજ ક્ષણે સંસારના કોલાહલમાં પડયા કે તુર્તજ તે ભાવો વિલય પામી જાય છે અને આપણા રાગ દ્વેષો હર્ષ શોકો અને સુખ દુખના દ્વંદ્વોનું સામ્રાજય આપણા અંતરમાં જામી જાય છે. પ્રભાત કાળની બધી મધુર વૃતિઓ સુકાઇ જાય છે, દયા, પ્રેમ, પરોપકાર, સત્યનિષ્ઠા આત્મ સમર્પણના ભાવોનું ચિન્હ પણ રહેતું નથી, ભાવોની પરિવર્તન શીલતાનું આથી ઉજવળ દ્રષ્ટાંત કયાં શોધવું ? આજે તમે તમારા સંબંધમાં આવનાર કોઇ વ્યકિત પ્રત્યે અનુચિત વર્તન કરી તેના હૃદયને આઘાત કર્યો છે, રાત્રિએ શયન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળે એ પ્રસંગ યાદ આવતા તમને પશ્ચાતાપ થાય છે, તમારી વિચાર હીનતા અને અસહિષ્ણુતા ઉપર તમને તિરસ્કાર છુટે છે અને તેજ વખતે તે વ્યકિત પાસે જઇ તેની ક્ષમા યાચના કરવાનો વેગ પ્રકટ થાય છે. મોડી રાત્રે તેનું ઘર ઉઘડાવી ક્ષમા માગવાને બદલે તમે નિશ્ચય કરોછો કે આવતી કાલે સવારે ઉઠતા વેંત તેની પાસે જઈ તેની ક્ષમા માટે પ્રાર્થના કરવી. બીજે દિવસે પૂર્વાકાશે ઉષાનો પ્રકાશ હજી તો પુરો ઉદય પામ્યો નથી ત્યાંતો તમારો પૂર્વ રાત્રિનો માનસિક આવેગ ઝાકળની માફક અંતર્ધાન થઇ જાય છે. સવારમાંજ તે ભાઈ તમને સામા મળે છે છતાં રાત્રિએ સેવેલો મનોભાવોનો અંશપણ પ્રતીત થતો નથી.

વ્યક્તિ–જીવનમાંજ આ પ્રમાણે ભાવોનું પરિવર્તન થયા કરે છે એમ નથી. સમાજમાં પણ આ પ્રમાણે ભાવોના ઉછાળા અને આવેગના ભરતી ઓટ થયાજ કરે છે. કોઇ કોઇ સમયે એક એક ભાવ લોક–હૃદય ઉપર એવું પ્રબળ આધિપત્ય મેળવે છે કે, તે ભાવ ઉન્માદ રોગની પેઠે સેંકડો નરનારીને થોડા સમય માટે ઉત્તેજીત કરી, તેનો સમય આવતા પાછો કયાં ઉડી જાય છે તેનો પત્તો લાગતો નથી. દરીયાના મોજાં જેમ પવનથી, ઉછળી થોડો સમય પર્વતના શિખરની ઉચ્ચતા અનુભવી પાછા તેજ પવનની ગતિથી :સાગર–ગર્ભમાં વિલીન થઇ જાય છે, તેમ સામાજીક ભાવો અમુક સમય ઉછાળા મારી પાછા સમાજ–હૃદયના ગર્ભમાં વિલીન થઈ જાય છે. એક મહા પુરૂષ વર્તમાન સત્તા પ્રત્યે અસહયોગની ઘોષણા કરે છે, અને લોક–હૃદયના સુપ્ત ભાવોને જાગૃત કરી અલ્પકાળ–વ્યાપી એક મહદ્ આંદોલનનો ઉછાળો કરે છે. લાખો નરનારીઓ તેમાં ભળીને તે તે પ્રકારના આવેગનો અનુભવ કરી, તે ઉછાળાને વધારે ને વધારે વેગવાન બનાવે છે. કાળક્રમે તે આવેગનું મોજું પોતાનો વેગ ખર્ચી નાખે છે, અને થોડા સમયમાં જાણે કશુંજ બન્યું નથી તેમ લોકો તેને સંભારવાની પણ તકલીફ ન લેતાં પોતપોતાના નિત્યના વ્યવસાયમાં લાગી જાય છે.

જૈનોમાં પર્યૂષણ પર્વનો આરંભ થાય છે. એકાએક ધર્મભાવનું પ્રચંડ વાવાઝોડું સમાજ–હૃદયમાં ફરી વળે છે. આબાળ વૃદ્ધ સર્વ કોઇ જીવનની સર્વ પ્રવૃતિને બાજુએ મુકી, “ધર્મ” ના કાર્યમાં લાગી જાય છે. ઉપવાસ, વ્રત, જ્ઞાનોપાસના, વિરાગવૃતિ આદિ જેને જેને જે જે ઠીક લાગે તેમાં નિમગ્ન થઈ જાય છે. આઠ દિવસ પુરા થઇ નવમા દિવસના પ્રભાતનો ઉદય હજી થયો હોતો નથી, ત્યાંતો એ ધર્મ–ભાવનો તરંગ કયાં વિલુપ્ત થઈ જાય છે તેનો પત્તો લાગતો નથી. જાણે કશુંજ બન્યું નથી તેમ લોકો પોતપોતાના વ્યવહારમાં તન્મયતાપૂર્વક વળગી જાય છે. કેમકે ધર્મ–ભાવના આવેગની શક્તિ ખર્ચાઈ જાય છે. આ પ્રમાણે ભાવોનું પરિવર્તન વ્યક્તિ અને સમાજમાં નિરંતર ચાલ્યાજ કરે છે, અને તેના વિવિધ રંગો અને અસરો તે આત્મા ઉપર મુકતા જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવોમાં જેમ પરિવર્તન ચાલ્યા કરે છે તેમ તેમાં હાનિ વૃદ્ધિ પણ થયા કરે છે, તે ભાવનું બીજું લક્ષણ છે. પુત્ર પ્રેમ, દાંપત્ય પ્રેમ, બંધુ પ્રેમ, આદિ ભાવોમાં આપણે આ હાનિ વૃદ્ધિ નિરંતર થતી અનુભવીએ છીએ. બાળક રોતું રોતું માતાના વસ્ત્રનો છેડો પકડી પાછળ પાછળ ફરે છે, માતા તેના તરફ પાછું વાળી પણ ન જોતાં તેના ઘરકામમાં મશગુલ થઇ ફરે છે. બાળક જેમ જેમ વધારે ક્રંદન કરી તેની માતાનું વસ્ત્ર ખેંચે છે તેમ તેમ માતા બળપૂર્વક વસ્ત્ર છોડાવી બાળકના રૂદનની અવગણનાપૂર્વક પોતાના ગૃહકાર્યમાં નિમગ્ન રહે છે. આ દશ્ય જોનારને ક્ષણવાર તો એમજ થાય છે અહો ! માતાના અગાધ પ્રેમની વર્ણના ગ્રંથોમાં કરેલી છે તે કયાં અને આ માતાનું વર્તન કયાં ? પણ જરા ધીરજ રાખો. ક્ષણ પછી માતાનું લક્ષ્ય બાળકના ક્રંદન તરફ એકાએક આકર્ષાય છે. બાળકને તે એકદમ ઉપાડી છાતી સરસું ચાંપે છે, અને પોતાની ક્ષણકાલીન અવગણના માટે આંખમાં આંસુ લાવી બાળકને સ્નેહના મહાસાગરમાં નિમજ્જીત કરે છે. માતૃસ્નેહ એકાએક ઉછળી ચાલે છે. ભાવોની વૃદ્ધિ હાનિના આવા સ્વરૂપો આપણે અનેકવાર અનુભવીએ છીએ. કયા કાળે તે ભાવમાં ભરતી આવશે અને કયારે ઓટ આવશે તેનો કાંઇજ નિયમ નથી. બાળક માતાની નજીકમાં રમે છે. માતા ભરત શીવણનું કામ જરા દૂર બેસીને કરે છે. સ્નેહભાવનો સાગર તદન શાંત અક્ષુબ્ધ છે. બાળક અને માતા બન્ને પોતપોતાના કામમાં પરોવાયેલા છે. બાળક ખસતું ખસતું માતા પાસે આવી કાંઇ સ્નેહાર્થસૂચક અર્ધસ્ફુટ વાકય માતાને સંબોધીને કહે છે. માતાના કર્ણમાં તે વાકયનો પ્રવેશ થતાંજ તેને તે અતિ મિષ્ટ લાગે છે, અને તેના સ્નેહભાવનો મહાસાગર એકાએક ઉછળી આવી પોતાનું બધું કામ પડતું મુકી બાળકને હાથમાં લઈ તેને હર્ષભેર રમાડવા લાગી પડે છે. એકજ પ્રેમસૂચક વાકયથી માતાનો પ્રેમ કુદકો મારીને બહાર નીકળી જાય છે. વળી પાછો ક્ષણ પછી તે ભાવ અદશ્ય થઇ માતા કામે લાગી જાય છે. આ પ્રકારે ભાવોના ઉછાળા અને વિલોપ, વૃદ્ધિ અને હ્રાસ થયાજ કરે છે. જેમ વાયુથી જળસમૂહ નિરંતર તરંગિત અને ક્ષુબ્ધ રહ્યા કરે છે, તેમ ભાવોના વેગથી આત્મા નિરંતર ક્ષુબ્ધ રહ્યા કરે છે. નદીનું જળ એક ક્ષણે ધીર, સ્થીર, અચંચળ ગતિથી વહ્યા કરે છે, બીજી ક્ષણે વાયુનો પ્રવાહ એકાએક તેને નૃત્યશીલ કરી મુકે છે. ભાવોના આ પ્રકારના ભરતી ઓટથી આપણો આત્મા સર્વદા આંદોલિત રહ્યા કરે છે.

ભાવો જેમ પરિવર્તનશીલ, અને વૃદ્ધિહાનિયુક્ત હોય છે તેમ તેમાં સંક્રામકતાનો ગુણ પણ હોય છે. અર્થાત્ એક હૃદયમાં ઉત્પન્ન થયેલો ભાવ બીજા હૃદયનો અધિકાર મેળવે છે. એકના હૃદયનો ઉત્સાહ બીજા અનેક હૃદયોમાં સમાનભાવોને પ્રેરનાર થઇ પડે છે. એક વ્યક્તિનું સદનુષ્ઠાન દશના અંતઃકરણને સ્પર્શે છે, અને તેઓ તેમાં ભાગ લેવા મંડી જાય છે. અને દશના હૃદયમાં ઉત્પન્ન થયેલો વેગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેંકડોને તેવા ભાવયુક્ત કરી મુકે છે. જગતના મહાપુરૂષોએ પોતપોતાના સમયમાં જે મહાન વિપ્લવો ઉત્પન્ન કર્યા હતા, અને લાખો સ્ત્રી પુરૂષોને પોતાના આત્મસ્થિત ભાવથી રંગી નાખ્યા હતા, તેના મૂળમાં, આ ભાવની સંક્રામકતા સિવાય અન્ય કશુંજ ન હતું. પ્રભુ મહાવીર કે બુદ્ધના હૃદયમાં, એક મહદ્ ભાવનો પ્રચંડ શક્તિ-સંપન્ન વેગ પ્રકટ થયો. તેનો સ્પર્શ લાખો હૃદયને લાગ્યો, તેઓ સર્વ તે તે ભાવના રંગથી રંગાઇને એક મહા ભાવથી આખા યુગને અંકિત કરેલ હતો.

સને ૧૮૫૭ ના મહાન બળવાના મૂળમાં પણ એક પ્રકારજ આ ભાવસંક્રામકતા સિવાય બીજું કશું કારણ ન હતું. એક જણે એવો ભાવ ફેલાવ્યો કે ભારતવાસીઓના ધર્મ અને જાતિ નષ્ટ કરવા માટે રાજકર્તાઓ ગાય અને ડુકરની ચરબીનો ઉપયોગ બંદુકની ટોટીમાં કરે છે, જેથી તેના સ્પર્શથી હિંદુ મુસલમીનો ભ્રષ્ટ થાય છે. ચેપી રોગની માફક આ દુષ્ટ ભાવ લાખો ભ્રાન્ત સીપાઇઓના હૃદયમાં ફરી વળ્યો અને તેના પરિણામે પ્રચન્ડ વિદ્રોહ જાગ્યો. ભાવની સંક્રામકતાનું આથી સરસ ઉદાહરણ કયાં મળશે ?

એક કાલે સંકલ્પ બળ સંપન્ન અમુક વ્યક્તિઓના હૃદયમાં એવો ભાવ જન્મ્યો કે દેશમાં સેંકડો દેરાસરો હાલ ચણાવવાની જરૂર છે, તેમણે એ ભાવને અનુસરતું કાર્ય શરૂ કર્યું, બીજા હૃદયોએ તે ભાવના રંગને આધીન થઇ તદનુસાર કાર્ય કરવું શરૂ કર્યું. જોતજોતામાં આખા સમાજમાં એ ભાવ ફરી વળ્યો. પરિણામે લાખો દેવાલયો ગામોગામ વગેરે સ્થળોએ નવા થયા, સમય જતાં તે વેગ બંધ પડયો,–ઓછો થયો અને કેટલેક સ્થળે તેને સમારવાના મનોભાવ પણ બીજા યુગમાં નજરે પડતા નથી. બીજા સમયે જ્ઞાન વિસ્તારની ભાવના જાગી. સેંકડો મનુષ્યોના હૃદયમાં તેનું રાજત્વ થયું. એકેક ગ્રંથની સેંકડો નકલો લખાવા માંડી, ઠેકાણે ઠેકાણે તેના ભંડારો ભરાયા. જ્ઞાન વિસ્તાર એજ જીવનનો પ્રધાન ઉદ્દેશ હોવાનું આખા યુગને ભાન થયું. કાલક્રમે એ ભાવ નરમ પડયો. વળી કર્મકાન્ડ, અને આચાર અનુષ્ઠાનનો ભાવ અમુક પ્રબળ અંતઃકરણમાં જાગ્યો. તેની જવાળા આસપાસ સર્વના અંતઃકરણને સ્પર્શી ગઇ તેઓ પણ તેમાં સામીલ થઇ ગયા. અને સમયના પ્રવાહમાં તેની પણ શિથિલતા થઈ.

આ પ્રમાણે ભાવના પરિવર્તનો, હાનિવૃદ્ધિઓ, અને સંક્રામકતાઓ વ્યક્તિ અને સમાજ જીવનમાં નિરંતર ચાલ્યા કરે છે પરંતુ ભાવરાજ્યમાં જેમ આ પરિવર્તન આદિ ચાલ્યા કરે છે તેમ જ્ઞાનના ક્ષેત્રમાં તેવું કાંઇ થતું નથી. વ્યક્તિ કે સમાજ જીવનમાં જ્ઞાનમાં પરિવર્તન, હાનિ, વૃદ્ધિ, કે સંક્રામકતા આવતી નથી. જ્ઞાન હંમેશા સ્થિર, ધીર અચંચળ અને ધીરેધીરે વૃદ્ધિગત રહે છે. તેમાં ભરતી ઓટ આવતા નથી. તેમાં ચય ઉપચય કે ઉછાળા થતા નથી. ઓકસીજનવાયુનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અણું અને હાઇડ્રોજન વાયુના બે અણુ મળી એક જળ અણુ બંધાય છે તે જ્ઞાન થયા પછી તેમાં કાંઈજ ફેરફાર થવા પામતો નથી. તમે માંદા હો કે સાજા, જાગતા હો કે અર્ધ નિંદ્રામાં હો તો પણ જળના બંધારણમાં કયા તત્વો છે એમ પુછવામાં આવે તો તમે સર્વદા એકજ જવાબ આપશો. દેશ કે કાળ પરત્વે જ્ઞાનના ક્ષેત્રમાં ફેરફાર થતો નથી. તેમાં સંક્રામકતા પણ હોતી નથી. અલબત, ગુરૂ તરફથી શિષ્યને જ્ઞાન મળે છે પણ તે સંક્રામકતા જન્ય નહી પણ શિક્ષાજન્ય છે. શિષ્ય પોતાની જ્ઞાનોપાર્જની વૃતિને ગતિમાં મુકી તે દ્વારા જ્ઞાનનો સંચય કરે છે. ગુરૂના હૃદયના ભાવોના સ્પર્શથી જ્ઞાનોપલબ્ધિ થતી નથી, એ વાત બરોબર સમજવી જોઇએ.

ભાવોના સ્પર્શથી આત્માને રંજીત ન થવા દેવો, ભાવોના તરંગથી આત્માને ક્ષુબ્ધ ન થવા દેવો, અને ભાવોના ઉછાળાથી આત્માને અભિભૂત ન થવા દેવો. એ જ્ઞાન–જન્ય સમભાવ છે. તપ, સંયમ અને સાધના દ્વારા આ સમભાવ પ્રાપ્ત કરવો એજ પરમ જ્ઞાનોપલબ્ધિ છે. ભાવોની ચંચલતા વિરમ્યા પછી આત્માના શાંત મહાસાગરમાં રહેલું અનંત જ્ઞાન, અનંત સત્ય–દર્શન, અનંત સ્વરૂપાનંદ સ્વતઃ પ્રગટ થવા માંડશે. મનુષ્યો અત્યારે જેને જ્ઞાન સંજ્ઞાથી ઓળખે છે તે વસ્તુતઃ સત્ય જ્ઞાન નથી. તે માત્ર બુદ્ધિ આશ્રયી ક્ષયોપશમિક આંશિક વિકાસ છે. આ આંશિક જ્ઞાનની પરિચાલનાથી મનુષ્ય પોતાના અભ્યંતર પ્રદેશમાં ગુપ્તપણે રહેલ મહદ્ સંભાવ્યતાનું દર્શન કરી, સાધનાના બળથી તે છુપી શક્તિનો પ્રવાહ જાગૃત કરે છે. અને તેમ થવામાં જે અંતરાયો, આવરણો, પ્રતિબંધકો, વ્યવધાનો અને વિઘ્નો રહેલા છે તેનો નિર્ધાર કરી તેને એક પછી એક દૂર કરે છે. આ સાધના એ મુખ્યપણે ભાવ ગત ચાંચલ્યથી આત્માને વિમુખ અને વિમુક્ત કરવામાંજ રહેલી છે. અર્થાત્ તેના રંગથી ન રંગાવું, તેના ચાંચલ્યથી ક્ષુબ્ધ ન થવું, તેના અતિક્રમણથી અપરાજીત રહેવું એ પ્રકારની એક સવિશેષ સામર્થ્યયુક્ત, સમભાવવાળી, આત્મ–સ્થિતિ ઉપજાવવામાં છે.

સમભાવયુક્ત આત્મ–અવસ્થા એ દિવ્ય શક્તિ સંપન્ન અવસ્થા છે. તે લોકો બહુધા માને છે તેવી, બળહીન, પ્રવૃત્તિહીન, નિશ્ચેષ્ટ અવસ્થા નથી, પરંતુ આત્માની સ્વરૂપ–ગત શક્તિવાળી, શાંત સાત્વિક ગુણસંપન્ન પ્રબળ પ્રતાપયુક્ત અવસ્થા છે. તેના મૂળમાં રહેલો પ્રભાવ સ્થૂલ નથી તેટલા કારણથી તે ન્યૂન શકિતસંપન્ન નથી. પરંતુ તેનું મૂળ દિવ્યતામાં રહેલું હોવાથી, તેના પ્રભાવથી તે સવિશેષ તેજ યુક્ત છે. તે અવસ્થામાંથી ઉદ્ભવતા કાર્યો પણ તેટલાજ શક્તિપૂર્ણ અને વિશ્વવ્યાપી પ્રભાવવાળા હોય છે. કેમકે તે કાર્યો તેના નાનકડા અહંભાવ પ્રસૂત હોતા નથી, પરંતુ તે અહંભાવની પછવાડે રહેલ પરમાત્મસત્તાના સ્ફુરણ અને શક્તિથી પ્રેરાયલા હોય છે, જે આત્માની ભાવ વિમુકત અવસ્થા અગર સમભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુકત સ્થિતિ પ્રકટેલી છે તેમનું જ્ઞાન તર્ક કે યુકિત જન્ય હોતું નથી, પણ સહજ અંતર્દષ્ટ સ્વરૂપ જન્ય અને પ્રત્યક્ષ હોય છે, તેની ગતિ શંકાશીલ, ભીરૂ અને અર્ધ સ્ફુટ હોતી નથી. પરંતુ સુનિશ્ચિત, દ્રઢ અને સચોટ હોય છે. તે આત્માનું અંતર્દર્શન પણ તેવુંજ પ્રત્યક્ષ, ઇશ્વર–ભાવ સંપન્ન હોય છે. જગત જ્યાં કાંઈજ પરિણામ જોતું નથી ત્યાં તેવી અબાધિત અંતર્દષ્ટિ વ્યકિત સમાજ અને વિશ્વના ભાવિ પરિણામની ગતિ ચોક્કસપણે નીહાળે છે. મહાન કવિઓ, ૠષિઓ, સમાજનેતાઓ, અને ઉદ્ધારક પુરૂષોએ આ સમ–ભાવ યુકત આત્મસ્થિતિ પ્રાપ્ત કરેલી હોય છે, અને તેનાજ પ્રભાવથી તેઓ ઇશ્વરી ભાવ અને શક્તિના સાક્ષાત સંબંધમાં આવી પોતાની મહત્તા મેળવી શકયા હોય છે. જ્યારે મનુષ્યની સર્વ વાસનાઓ અને ઇચ્છાઓ વિરામ પામી જાય છે, કોઇપણ ભાવોથી તે રંગાતો બંધ પડે છે, અનેક આંતરિક કોલાહલોની મધ્યમાં તે હિમાલયની માફક સ્થિર, ધીર, અચંચલ અને વીરતાપૂર્વક દ્રઢપણે ઉભો રહી તેના તોફાનો ઝીલે છે, અને તેનાથી પરાજીત થયા વિના પોતાના સ્વરૂપમાં નિશ્ચલ રહે છે. અનંત સ્થૂળ સૂક્ષ્મ વિષયોથી ઉત્પન્ન થતી ભાવરાશિઓના મહા વિપ્લવમાં તે અડોલ અને અરંજીત, નિર્લેપ અને તટસ્થ રહે છે તે વખતે તેના આત્મામાં આ સમ–ભાવજન્ય અવસ્થા વિશેષનો ઉદય થવો શરૂ થાય છે. આ સમ–ભાવની પ્રાપ્તિ પછી તેના જીવનમાં દિવ્યતા અને અતિ માનવતા પ્રકટ થાય છે. તે મનુષ્ય મટીને ઇશ્વરી ભાવયુકત થતો જાય છે. ટુંકામાં તે માનવ સૃષ્ટિમાં દેવ સમાન વિરાજે છે.

આપણે પ્રાકૃત મનુષ્યો નિરંતર બહારના વિષયોના સંબંધે હર્ષવાન કે શોક યુકત રહીએ છીએ. બહાર જેવી હવા વાય તે પ્રકારની આપણી આંતર અવસ્થા નિર્માય છે. નિરંતર ભાવોના હીંચકામાં ઝુલતા રહીએ છીએ; ક્ષણમાં પ્રસન્ન ક્ષણમાં અપ્રસન્ન, ક્ષણમાં હાસ્ય, ક્ષણમાં વિષાદ, ક્ષણે સુખાનુભવ, ક્ષણે દુખાનુભવ, એવી ભાવપરંપરામાં આપણી જીવન નૌકા ડોલ્યા કરે છે. આ અવસ્થા એ બાળકની અવસ્થા છે. બાળકો નાની નાની ક્ષુદ્ર વસ્તુઓ સંબંધી નિરંતર હર્ષ, વિષાદ, સુખ, દુ:ખ, ઉલ્લાસ, અવસાદ અનુભવ્યા કરે છે. બે બાળકો રમત હોય અને તેમાં એકના હાથમાં મીઠાઇનો કકડો હોય અને બીજાના હાથમાં તે ન હોય તો એકને હર્ષનો અવધિ હોતો નથી અને બીજું બાળક મહાદુખનો ભોગ કરે છે. બે બાળકો ચાલતા હોય તેમાં એક જણને એક નાનો સરખો કાચનો કટકો જડે છે, બીજો તે ઝુટાવીને જોવા માગે છે; પેલું બાળક તે કાચ પોતા માટે રાખવા માગે છે. બંને જણ મારા મારીએ આવે છે, એક બીજાને બટકા ભરે છે, રોવા માંડે છે, રસ્તે ચાલનાર તેમને છોડાવા પ્રયત્ન કરે છે છતાં જાણે એક મહા રાજ્યની વહેંચણીનો ભારે પ્રશ્ન હોય તેટલી ગંભીરતાથી બાળકો પોત પોતાનો મમત નીભાવે છે. રસ્તે ચાલનારાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્ચર્ય થાય છે કે એક કાચના કટકા માટે આ બાળકો શામાટે આટલો વૈર વિરોધ અને કલેશાનુભવ કરતા હશે ? તમને પોતાને પણ બાળકોનું આ દ્વંદ્વ યુદ્ધ જોઈ જે વિષય સંબંધે આટલો ભાવાવેશનો પરિચય તેઓ આપે છે તે સંબંધે હાસ્ય આવ્યા વિના નહીં રહેતું હોય.

પણ શું તમે એમ માનો છો કે આ બાળકો કરતાં તમારી સ્થિતિ વધુ જ્ઞાન યુકત છે ? તમારામાં અને બાળકોમાં ફકત તફાવત એટલોજ છે કે તમે જરા વયો વૃદ્ધ છો અને તમારા ભાવાવેશની અને જે વિષયો સંબંધી તમે હર્ષ શોક કરો છો, તેના તુચ્છપણા વિષે હાસ્ય કરનાર કે મશ્કરી કરનાર કોઇ નથી. કેમકે તમારી આસપાસના બધાજ મનુષ્યો એક સરખા અલ્પ વિકાસ અને ક્ષુદ્ર વૃત્તિવાળા છે પરંતુ જ્ઞાનવાનની દ્રષ્ટિમાં તમે કે અમે ઉપરોકત બાળકો કરતાં સ્હેજ પણ ચઢીઆતા નથી. આપણા રાગ-દ્વેષ, હર્ષ–શોક અને ભાવના ઉછાળા એ જ્ઞાનવાનોની દ્રષ્ટિમાં બાળ ચેષ્ટાઓથી અધીક કાંઇજ નથી. કેમકે જે પદાર્થો સંબંધે એ ભાવોનું સેવન બહુધા થાય છે તે પદાર્થો નિઃસાર, ક્ષુદ્ર અને માનવજીવનની પારમાર્થિક ઉન્નતિ, અભિવૃદ્ધિ અને વિકાસ સાથે સંબંધ રહિત હોય છે. આપણી આંતરિક ઉન્નતિ અને કલ્યાણ સાથે સ્થૂળ વિષયોને જેટલો સંબંધ હોય છે તેટલીજ તેની વાસ્તવિક ઉપયોગીતા છે. બાકી જેટલા અંશે સ્થૂળ વિષયો આપણી સ્વાર્થ વાસનાને પરિતૃપ્ત કરે છે, આપણી અહંવૃત્તિને પોષે છે, અને આપણા ભોગ વિલાસની જ્વાળામાં આહૂતિ આપે છે તેટલે અંશે તે આપણી અધોગતિ કરનારા અને દુશ્મન રૂપ છે.

આ હર્ષ શોક, ઉલ્લાસ અવસાદ, સુખ દુખ, રાગ દ્વેષ, આદિ દ્વંદ્વોના ભાવ તરંગો જે નિરંતર આપણા હૃદયમાં ઉપરોકત ત્રણ અવસ્થામાં રહ્યા કરે છે અર્થાત્ જેમાં સર્વદા પરિવર્તન, હાનિ વૃદ્ધિ અને સંક્રામકતા ચાલ્યા કરે છે તેની અસરથી મુકત થઇ આત્માની સમ–ભાવ યુકત અવસ્થા પ્રાપ્ત કરવાનો માર્ગ શું છે એમ પુછવામાં આવે તો તેનો ઉત્તર આ રહ્યો.

પ્રાણી માત્રના અભ્યંતર પ્રદેશમાં, તેના અભિમાનીના અંતરાળમાં, તેના પ્રાણના પ્રાણરૂપે, મનના મનરૂપે, આત્માના આત્મારૂપે, મન, પ્રાણ ચૈતન્ય એ સર્વને તેને રૂપે નિભાવનાર, તેમને શકિત આપનાર એક મહા સત્તા, પરમાત્મ સત્તા, વિરાજમાન છે. જે મહાસત્તા, આ અનંત સૃષ્ટિઓ ગ્રહ, તારા, નક્ષત્રો, નદી, સમુદ્ર, પર્વતો આદિને પોતપોતાની નિયત કક્ષામાં સ્થિર રાખી, તેમને પોત પોતાના કાર્ય પ્રદેશમાં પ્રવૃત્ત રાખે છે, તેજ મહાસત્તા ભૂત માત્રના ગૂઢતમ પ્રદેશમાં વિરાજમાન રહીને આપણા જીવનને ચલાવે છે. તે સત્તા અનંત, અક્ષય, શાશ્વત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ રૂપ, રસરૂપ છે. જેને આપણે " હું " તરીકે ઓળખીએ છીએ તેના મૂળમાં પણ તેજ સત્તા છે. પણ તે આપણા " હું " નો વિષય થઇ શકતી નથી. એ પરમ તત્વ પ્રત્યે શ્રદ્ધા, પ્રીતિ અને ભકિત રાખવી જોઇએ, તેની અમોઘ સહાયની પ્રાર્થના કરવી જોઇએ. મનુષ્ય પોતાનો વિકાસ અને ઇશત્વ એ મહાસત્તાની કૃપા અને શકિતથીજ પ્રાપ્ત કરી શકે. મનુષ્ય પોતાની ક્ષુદ્ર શકિતથી પોતાનો ઉદ્ધાર કરી શકે તેમ નથી. એ પરમ સત્તા આપણા સર્વના આત્મામાં ન્યૂનાધિક અંશે જાગૃત છે. એ આપણા અંતરાત્મા દ્વારા નિરંતર આપણને પોકારી રહ્યો છે કે "તું મારા તરફ વળ, વિષયોની આસકિત ત્યજ. તારૂં સર્વસ્વ મને અર્પી દે. મારી આજ્ઞા પ્રમાણે ચાલ, મારી આજ્ઞાનેજ તું ધર્મ માન, બીજા બધા ધર્મો ત્યજી દઇને તું મારા શરણે આવ. હું તારો ઉદ્ધાર કરીશ, પણ તું તારી વ્યકિતગત ઇચ્છા મારી મહાઇચ્છામાં મેળવી દે. અર્થાત મારી ઇચ્છાને તું તારી ઇચ્છા કર. આ મધુર વાણી કોઇવાર શાંત પ્રવાહે, કોઇવાર ઉદ્યમ વેગે આપણા સર્વના અંતર પ્રદેશમાંથી નીકળ્યા કરે છે. આપણે આપણા વૈષયિક ખેંચાણથી મુકત થઇ તે પરમાત્માના ચરણમાં વિરમવું જોઇએ, તેને ઓળખવો જોઇએ, તેના પ્રત્યે ભકિતભાવ વધારવો જોઇએ, અને તેની આજ્ઞા પ્રમાણે કાર્યો કરવા જોઇએ. આ પ્રકારે આપણી જ્ઞાન વૃત્તિ, પ્રેમ વૃત્તિ અને કાર્ય શકિતને ફલિતાર્થ કરવા ઘટે; તે પ્રમાણે કરતા કરતા કાળક્રમે આપણી અહંતાની ભાવનાઓ, ક્ષુદ્ર સ્વાર્થ વાસનાઓ અને રાગ-દ્વેષના દ્વંદ્વો ઢીલા પડતા જશે. અને આપણા આત્મા ઉપર આવતી દ્વંદ્વ-ભાવોની ભરતી ઓટો આત્મા સાથે અથડાઇને કાંઇ પણ અસર કર્યા વિના હિમાલય ઉપર અથડાતા છતાં તેને લેશ પણ ચલિત કર્યા વિના પસાર થતા વાવાઝોડાની પેઠે ચાલ્યા જશે. સર્વ અવસ્થાઓ, સંયોગો અને પરિસ્થિતિઓ વચ્ચે તે એક નિશ્ચલ દ્દઢ અપ્રતિહત અને અપરાજીતપણે સ્થિર રહી શકશે.

પરંતુ આ કાર્ય-સિદ્ધિ માટે જરૂરની શકિત મનુષ્યને નથી, તે તેણે તેના અંતરના નિગૂઢ પ્રદેશમાં રહેલા અનંત શકિતવાન, જ્ઞાનવાન, પરમકારૂણિક પિતૃ સ્વરૂપ પરમાત્મા પાસેથી મેળવવી જોઇએ. મનુષ્યની ઇચ્છા અને માગણીનીજ ફકત અપેક્ષા છે. તે સાચા દીલથી માગે તેટલીજ વાર છે. પરમાત્મા સર્વના અંતરમાં એ ઇચ્છા અને તેની આવશ્યકતાનું ભાન પ્રકટાવો એવી પ્રાર્થના છે.

અધ્યાયી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# જય મહાવીર ! જય મહાવીર !

( વીર વિજય છંદ )

જય જય મ્હારા જૈના વીરા !
શત્રુંજય પદ કાજ અધીરા, આવો ધર્મ ધજા લઇ હાથ,
આજે કરવાં છે *કેસરિયાં, ગરજાવો સૌ એકી સાથ;
જય મહાવીર ! જય મહાવીર ! ૧

આવો, વીર પ્રભુના પુત્રો,
આપણુ ધર્મ નીતિના સુત્રો, રગરગમાં રેડે નવનૂર.
સર કરવા સિદ્ધાચળ શુરા, કરવો કુસંપને ચકચૂર,
જય મહાવીર ! જય મહાવીર ! ૨

જ્યાં જુગ જુનાં દહેરાં રાજે,
દેવ–દુંદુભિ નોબત વાજે, જ્યાં લાધે મુક્તિના પંથ;
જ્યાં આપણા શાસન, કીર્તિને લક્ષ્મી છાજે છે જયવંત.
જય મહાવીર ! જય મહાવીર ! ૩

જયવંતા જગ–તીર્થ પ્રતાપે,
ડગલે ડગલે શુચિતા વ્યાપે, પગલે પગલે પુન્ય પ્રકાશ;
રગરગમાં વીરતા ઉછળોને, ગર્જનથી ગજવો આકાશ,
જય મહાવીર ! જય મહાવીર ! ૪

વીરા ! હૈયા શું નવ દાઝે ?
થાતી અવગત જોતાં આજે, આપણુ રાજવીરને હાથ !
રાજ્ય નીતિ ને બુદ્ધિ જગવો ઉત્તમ, અંતરમાં જગનાથ !
જય મહાવીર ! જય મહાવીર ! ૫

શી રીતે કેસરિયાં કરશો ?
શું હિંસત્વ તમો ઉર ધરશો ? જ્યાં જૈનત્વ પોષતું પ્રાણ;
અંતર અરિઓને હણશો તો હૃદયે હૃદયે તીર્થ પ્રમાણ,
જય મહાવીર ! જય મહાવીર ! ૬

*જુઓ છઠ્ઠી કડી. (અંતરના શત્રુ ક્રોધ, માન, માયા વગેરે કષાયોને હણવા તે રૂપી કેસરીયા કરવા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરા ! સત્ય, દયા, તપ ભાવે,
વિજયેન્દ્રાણી લઇને આવે, કુંકુમ થાળ અને વરમાળ;
કરી તિલક આરોપણ કરશે, થાશે જગમાં જયજયકાર,
જય મહાવીર ! જય મહાવીર ! ૭
શુરા ! બિરદ આપણા પળજો !
શત્રુંજયનો વિજોગ ટળજો ! વીરશાસન વર્તો જયવંત !
કરતા પુષ્પવૃષ્ટિ ઉચ્ચરજો કોટી દેવો જય અરિહંત—
—જય મહાવીર ! જય મહાવીર !

**વજેચંદ લક્ષ્મીચંદ શાહ.–( વાંસદા )**

## પ્રકીર્ણ.

આખરે જૈનેતર સાક્ષરે જે **જૈન ધર્મ** અને તેના મહાન પુરૂષોની વિના કારણ નિંદા કરી સત્ય સાહિત્યનો ધ્વંસ કરેલ છે, તે મી૦ મુન્સીના લખાણ માટે જૈન સમાજ ખળભળી ઉઠી છે અને જોકે લાંબી મુદતે તેમ થયાં છતાં અવસર ઉચિત પ્રોટેસ્ટ ઉઠાવેલ છે. અમોએ ગયા અંકમાં સુવર્ણમાળા માસિકમાં આવેલ " ઝમોર " ના લેખ માટે અમારા વિચારો આવા લખાણ લખનારાઓ માટે શું કરવું તે જણાવ્યા હતા, અને ત્યારબાદ થોડા દિવસ પછી મુંબઇ શહેરની શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી માંગરોળ જૈન સભા–શ્રી જૈન સ્વયં સેવક મંડળ, પાલણપુર જૈન મંડળ, પાટણ જૈન મંડળ, શ્રી સ્થંભતીર્થ જૈન મંડળ આદિ સંસ્થાઓ તરફથી બે જાહેર સભા, પ્રથમ શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ તથા બીજી ઝવેરી મોહનલાલ મગનભાઇના પ્રમુખપણા નીચે મળી હતી, તે માટે ઠરાવો થયા હતા. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે મી. મુન્સી સાથે સભ્યતા પૂર્વક તે માટે પત્રવ્યવહાર ચલાવ્યો હતો, તે માટે વાટાઘાટ કરવા મુદત પણ આપવામાં આવી હતી. ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા, રાજાધિરાજ અને ગુજરાતના જ્યોતિર્ધરો ગ્રંથમાં જૈન ધર્મ અને મહાન પુરૂષની કરેલી નિંદા માટે દિલગીરી બતાવી ફરી તેવું કાંઇ પણ ન લખે તે માટે કરેલી સૂચના તે પત્રમાં જણાવ્યા છતાં, મી. મુન્સીએ તેનો એવો જવાબ આપ્યો છે કે તે પત્રકે જૈન સમાજની દુખાએલ લાગણીની ગણના પણ કરી નહિં. જેથી તે બે સભાઓમાં થયેલ ઠરાવ પ્રમાણે તેમના પુસ્તકો યુનીવરસીટીમાં નહિં દાખલ થવા માટે શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસે કરેલો ઠરાવ, તેમજ ધારાસભામાં મેમ્બર થવા માટે મી. મુન્સીને જૈન ગ્રેજ્યુએટે મત ન આપવા માટેની સૂચના અને છેવટે કાયદેથી પગલાં લેવા માટે કરેલા ઠરાવો માટે અમો તે તે સંસ્થાઓને ધન્યવાદ આપીયે છીયે, અને દરેક શહેરમાં જૈન સંઘની જાહેર સભાઓ મેળવી શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસે લેખિત સૂચનાઓને મોકલી છે, તે પ્રમાણે કરવા દરેક ગામના સંઘોને અમો પણ વિનંતિ કરીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી જ્ઞાનકોષ અને તેમાં સુધારો કરાવવાની આવશ્યકતા.

કેટલાક વખત પહેલાં પુના શહેરમાં એક વિદ્વાને મરાઠી જ્ઞાનકોષ પ્રકટ કરેલ છે, તેમાં જૈનો સંબંધી કેટલુંક ખાસ લીધેલ છે. જે પ્રકટ કર્ત્તાના જૈન ધર્મના અભાવે કેટલીક ભુલો સુધારવા જેવી રહી ગઇ છે. તેના લેખકને જૈન વિદ્વાન મદદ આપે તો પોતે બીજી આવૃતિમાં સુધારો દાખલ કરવા ઇચ્છા ધરાવે છે, હવે એજ મરાઠી કોષના કર્તા ગુજરાતી જ્ઞાનકોષ તૈયાર કરે છે, કેટલાક ફોર્મ પણ છપાયા છે, મૂળ મરાઠી કોષ ઉપરથી સુધારા વધારા સાથે અનુવાદ થતાં કેટલીક ભૂલો રહી જવા સંભવ છે, જેથી જૈન સંસ્થાઓ અને શ્રી જૈન કોન્ફરન્સ મુંબઇ ઓફીસે તેમની સાથે પત્ર વ્યવહાર ચલાવી તેમાં જૈન ધર્મના પારિભાષિક શબ્દો અથવા કોઇપણ વિષય માટે જે ભુલ હોય તે સુધરાવવા પ્રયત્ન કરવા જરૂર છે, આ પ્રમાણેની સુચના પુનામાં બિરાજમાન મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ જણાવે છે અમોએ તે માટે પત્ર તે કોષના પ્રકટ કર્તાને લખ્યો છે. શ્રી કોન્ફરન્સ મુંબઇ ઓફીસના રા. જનરલ સેક્રેટરી સાહેબો તે માટે પત્રવ્યવહાર કરશે. એવી નમ્ર સુચના કરીયે છીયે.

પત્ર વ્યવહાર કરવાનું ઠેકાણું.

**રા. રા. ગુજરાતી જ્ઞાનકોષના તંત્રી અને મેનેજર.**

**નં. ૮૪૧ સદાશીવ પેંઠ.—પૂના સીટી.**

## શ્રી શત્રુંજય યાત્રા શરૂ થવા માટે તપશ્ચર્યા.

શ્રી સિદ્ધાચલજીની યાત્રા ખુલ્લી કરવાના ધ્યેય માટે એક મારવાડી યતિશ્રી મોતીલાલજીએ છેલ્લા બે માસથી માત્ર રોટલો અને પાણી ઉપર રહેવાની તપશ્ચર્યા શરૂ કરેલ હતી. દરમ્યાન થોડા દિવસ પહેલા તેપણુ બંધ કરી દશ ઉપવાસનો ઉગ્ર તપ કર્યો હતો, જો કે તે વખતે એમ લાગતું હતું કે એ યતિ મહારાજ કદાચ જ્યાંસુધી શત્રુંજયની યાત્રા ફરી શરૂ નહિં થાય ત્યાંસુધી ઉપવાસ ચાલુ રાખશે તેમ લાગતાં અનેક શ્રદ્ધાળુ મનુષ્યો ઉપવાસને બદલે માત્ર આયંબિલથી સંતોષ માનવા વિનવતા હતા. છેવટે અગ્યારમે દિવસે ઉપવાસથી મુક્ત થઇ આયંબીલની તપશ્ચર્યા પ્રથમ મુજબ શરૂ કરેલ છે. તેમની સાથે તેમના ભકત શેઠ સિદ્ધિકરણજીએ પણ ઉપવાસ વગેરે કરે છે. યતિ મહારાજ કોઇ સાથે બોલતા નથી. માત્ર ઇશારતથી વાત કરે છે, તપ સાથે તેઓશ્રી આખો દિવસ ધ્યાનપણુ કરે છે, શ્રી શત્રુંજય તીર્થની ફરી યાત્રા શરૂ થવા, અશાંતિ દૂર થવા અને કર્મ યોગે જૈન સમાજને ઉભું થયેલ અંતરાય કર્મ દૂર થવા અનેક ત્યાગી મહાત્માઓ અને શ્રદ્ધાળુ શ્રાવક વર્ગ વગેરેના ધ્યાન અને તપનીજ જરૂર છે. પરમાત્માની કૃપાથી ધ્યાન અને તપના બળે તે યાત્રાનો લાભ જલદી પ્રાપ્ત થાઓ એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

તા. ૧૮-૩-૨૭ ના રોજ મુંબઇ માંગરોળ સભાના હોલમાં મી૦ મુન્શીના કેટલાક વાંધા ભરેલા લખાણો સંબંધે વિચાર કરી યોગ્ય ઠરાવ કરવા જૈનોની જાહેર સભા મોટી સંખ્યામાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇંડીયા 'શ્રી' માંગરોળ જૈન સભા આશ્રય નીચે બોલાવવામાં આવી હતી. પ્રથમ જૈન શ્વેતાંબર કોનફરન્સના જનરલ સેક્રેટરી રા. મકનજીભાઇએ સભા બોલાવવાનો હેતુ કહી બતાવ્યા બાદ રા. રા. શેઠ છોટાલાલ પ્રેમજીભાઇને પ્રમુખસ્થાન લેવા વિનંતિ કરી હતી. પ્રમુખશ્રીએ ટુંક વિવેચન કરતાં જૈનોની લાગણી કેવી દુખાઇ હતી તે જણાવ્યું હતું. મુન્શીના પુસ્તકો સંબંધે વિચાર કરી રીપોર્ટ કરવા કોન્ફરન્સે નીમેલ કમીટીનો રીપોર્ટ તથા મુન્શી સાથે થયેલો પત્ર વ્યવહાર રજુ કરવામાં આવ્યો હતો. બાદ નીચેના જે ઠરાવો સર્વાનુમતે પસાર થયા તે માટે તે ઉપર જુદા જુદા વકતાઓએ પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી.

## તાઃ ૧૮-૩-૨૭ શુક્રવારની જાહેરસભામાં સર્વાનુમતે પસાર થએલા ઠરાવો.

૧ આજેજ મળેલી જૈનોની જાહેર સભા ઠરાવે છે કે, મી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પોતાના પુસ્તકોમાં દાખલા તરીકે "પાટણની પ્રભુતા-ગુજરાતનોનાથ-રાજાધિરાજ-ગુજરાતના જ્યોતિર્ધરો" વગેરેમાં જૈનધર્મ તથા ધર્મગુરૂઓ તેમાં ખાસ કરીને કાલકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને ઐતિહાસિક જૈન મહાપુરૂષોપર અસત્ય અને અણઘટતા આક્ષેપો કરી જૈનોના મહાપુરૂષોની લાગણી અત્યંત દુભવી છે. તે માટે આ સભા પોતાનો તિરસ્કારપૂર્વક સખ્ત વિરોધ જાહેર કરે છે. દરખાસ્ત-મી. ઓધવજી ધનજીશાહ, ટેકો-શેઠ મણીલાલ મોકમચંદ, અનુમોદન-મી. સાકરચંદ માણેકચંદ ધડીઆળી.

૨ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે મી મુનશીને આવા વાંધા ભર્યા લખાણો લખી જૈન કોમની લાગણી દુભવી છે તે માટે દિલગીરી જાહેર કરવા અને ભવિષ્યમાં તેવાં લખાણો લખશે નહિં અથવા પ્રકટ કરશે નહિં તેવી ખાત્રી આપવા માટે પૂરતી તક આપવા છતાં તેમણે તેમ કર્યું નહિં તેથી આ સભા એવો ઠરાવ કરે છે કે જ્યાં સુધી મી. મુનશી સંતોષકારક જવાબ તથા ઉપરોક્ત પ્રકારની ખાતરી આપે નહિં ત્યાં સુધી વિરોધની નિશાની તરીક જૈન મતદારોએ મી. મુનશીની તરફેણમાં મત આપવો નહિં તેમ કોઇપણ જૈને તેમને મત મેળવી આપવામાં સીધી કે આડકતરી રીતે મદદ કરવી નહિ......દરખાસ્ત-શેઠ લલુભાઇ કરમચંદ દલાલ. ટેકો-શેઠ સારાભાઇ મગનભાઇ મોદી.

૩ મી. મુનશી પાસેથી-સંતોષકારક જવાબ તથા ખાત્રી મેળવવા માટે કોન્ફરન્સે જે પગલાં ભર્યાં છે. તેને આ સભા સંપૂર્ણ ટેકો આપે છે અને વિનંતિ કરે છે કે આ બાબતમાં જ્યાં સુધી સંતોષકારક નીવેડો ન આવે ત્યાં સુધી તે દિશામાં દરેક પ્રકારની હિલચાલ ચાલુ રાખવી તથા જરૂર જણાય તો કાયદેસર પગલાં પણ લેવાં. દરખાસ્ત શેઠ લલુભાઇ ગુલાબચંદ ઝવેરી. ટેકો-મી. ઉમેદચંદ દોલતચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંબઇ યુનિવર્સીટી અને સરકારી કેળવણી મંડળ તરફથી લેવાતી જૂદી જૂદી પરીક્ષાઓ માટે પાઠય પુસ્તકો તરીકે જૈન સમાજની લાગણી દુઃખવનારા અને વાંધા ભર્યાં લખાણોથી ભરેલાં મી. મુનશીનાં પુસ્તકો પૈકી " પાટણની પ્રભુતા–ગુજરાતનો નાથ–રાજાધિરાજ– અને ગુજરાતના જ્યોતિર્ધરો " માંથી કોઇપણુ પુસ્તક પાઠય પુસ્તક તરીકે દાખલ કરવા તરફ આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે.

દરખાસ્ત–શેઠ વીરચંદ પાનાચંદ. ટેકો-ડો. મોહનલાલ હેમચંદ. અનુમોદન–શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી.

## શહેર ભાવનગરમાં જાહેર સભા.

તા. ૨૮–૩–૧૯૨૭ ના રોજ શ્રીયુત જીવરાજભાઇ ઓધવજીના પ્રમુખપણા નીચે જૈનોની જાહેર સભા મોટા દેરાસરજીમાં મળી હતી.

૧ મી. મુન્શીના જૈનો વિરૂદ્ધના અયોગ્ય લખાણોને અંગે વિરોધ દર્શાવતો ઠરાવ વોરા ખાન્તિલાલ અમરચંદે મુકયો જેને માસ્તર માણેકલાલ નાનજીભાઇના અનુમોદનથી પસાર કરવામ આવ્યો, બીજો ઠરાવ કોનફરન્સે ઉપાડેલ આ પ્રશ્નને અંગે અભિનંદન આપતો ઠરાવ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે મુકયો અને જેને શાહ ફતેચંદ ઝવેરભાઇએ ટેકો આપતાં પસાર કરવામાં આવ્યો. મી૦ મુન્શીના પુસ્તકો યુનીવરસીટીમાં નહિ દાખલ કરવાની મતલબનો ઠરાવ પ્રમુખ સ્થાનેથી મુકવામાં આવ્યો જે ત્રણે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

૨ મલુંદ–મુંબઇ નિવાસી શાહ ઝવેરભાઇ રામજીએ શ્રી શત્રુંજયના સંબંધે અસંબંધ અને વિચિત્ર તેમજ અવિચારી હેન્ડબીલ હાલમાં પ્રકટ કરેલ છે તે । સંબંધમાં વિચાર કરવા શ્રી તપાસંઘ, શ્રી જૈન આત્માનંદ સભા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી લોંકા સંઘ અને શ્રી સ્થાનકવાસી જૈન સંઘની એકત્ર યોજનાથી ઉપરોક્ત મુન્શી પ્રકરણને અંગે મળેલી સભા સમક્ષ આ સવાલ પણુ રજુ થયો હતો. ઝવેરભાઇ રામજીના તે ગાંડાઇ ભરેલા. અને સ્વપ્નને નામે વિચિત્ર કરેલા લખાણુ સામે સખ્ત આ સભાયે વિરોધ જાહેર કર્યો હતો. અને આ તીર્થના હકને કાંઇપણુ નુકસાન થાય તેવું લખાણુ લખવા કે હિલચાલ નહી કરવા ઠરાવ થતાં તેઓ મુલ વતની ઉમરાળાના હોવાથી ત્યાંના શ્રી સંઘને આ ઠરાવ મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવી હતી.

૩ તા. ૧–૪–૧૯૨૭ ના યાત્રાત્યાગના દિવસે અત્રેના શ્રી સઘે શું કરવું તેનો નિર્ણય થયો હતો.

## શહેર ભાવનગર જૈન કોમની જાહેર સભા.

તા. ૧–૪–૧૯૨૭ આજરોજ પરમ પવિત્ર શ્રી સિદ્ધાચળ તીર્થની યાત્રાત્યાગ કર્યાને એક વર્ષ પુરૂ થતાં યાત્રાના વિરહે દુભાયેલી લાગણીઓ પ્રદર્શિત કરવા મોટા દેરાસરથી શ્રી ચતુર્વિધ સંઘ ( સાધુ, સાધ્વી મહારાજ અને શ્રાવક શ્રાવિકાનો સમુદાય ) સવારના ૯ વાગે શહેરના મુખ્ય લત્તાઓમાં ફરી દાદાસાહેબ મંદિરમાં આવ્યું હતું, જ્યાં પટના સમક્ષ દર્શન કરી યાત્રાત્યાગના નિર્ણયને બહુમાન પૂર્વક વળગી રહેવા અને આગળ લડત ચલાવવા સુચનાઓ થઇ હતી. છેવટે ચૈત્યવંદન કરી સૌ વિખરાયા હતાં.

રાત્રિના સાડા આઠ વાગે મોટા જિનાલયમાં જૈનોની એક જાહેર સભા આ શહેરના નગરશેઠ પરશુદાસ ભગવાનદાસના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રથમ પ્રાર્થના થયા બાદ જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા વક્તાઓએ તીર્થભક્તિની લાગણીઓ ભાષણો દ્વારા રજુ કરી હતી. અને જ્યાંસુધી આપણે સફલતા ન પામીએ ત્યાંસુધી યાત્રાત્યાગના ઠરાવને પ્રેમ પૂર્વક શાન્તિમય માર્ગે વળગી રહેવા, ઠરાવો ચાલુ રાખવા અને અંતઃકરણ પૂર્વક શાન્તિના માર્ગે લડત ચલાવવા વગેરે માટે વિવેચન થયા હતા. છેવટે પ્રમુખશ્રી જૈનેતર હોવા છતાં આ તીર્થ પ્રત્યે પોતાની લાગણી અને જૈનોની દુખાયેલી લાગણી પ્રત્યે સહાનુભૂતિ બતાવી હતી. આજે પાખી પાળવામાં આવી હતી અને યથાશક્તિ સર્વેએ આયંબીલ વગેરે તપશ્ચર્યા કરી હતી.

## શ્રી મહાવીર પ્રભુની જયંતી.

ચૈત્ર શુદ ૧૩ બુધવારના શ્રીમાન્ મહાવીર પ્રભુના જન્મ દિવસના રોજ શ્રી વિજયધર્મ પ્રકાશક સભા—ભાવનગર તરફથી શ્રી વીર પ્રભુની જયંતી ઉજવવાનો એક મેળાવડો અત્રેની કાલેજના પ્રોફેસર રા. હનુમંતરાવ ભીડે સાહેબના પ્રમુખપણા નીચે શ્રી ત્રિભુવનદાસ ભાણજી જૈન કન્યાશાળામાં દિવસના નવ વાગે થયો હતો, વકતાઓ, પંડિતવર્ય સુખલાલજી ભાઇ, રા. નૃસીંહપ્રસાદ ભટ. રા. સુશીલ, રા. અમૃતલાલ દાણી વગેરેએ અને છેવટે પ્રમુખશ્રીએ વિદ્વત્તા પૂર્ણ વિવેચનો કર્યા હતા. પંડિતજી સુખલાલજીનું વિવેચન એક કલાક પણ સુંદર, સચોટ અને અસરકારક ચાલ્યું હતું. બીજા જૈનેતર વિદ્વાનો છતાં આકર્ષક ભાષણો આપ્યાં હતા. રાત્રિના દાદાસાહેબ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુની આંગી રચાવા સાથે ભાવના કરવામાં આવી હતી. મેળાવડો કરનાર સંસ્થાના પ્રમુખ, સેક્રેટરી તથા કાર્યવાહકોના ઉત્સાહ માટે તેઓ ધન્યવાદને પાત્ર છે એમ કહેવું પડે છે.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## આવતું અધિવેશન.

આ કોન્ફરન્સનું તેરમું સામાન્ય અધિવેશન મારવાડમાં સોજત મુકામે મળવા માટે ખાસ અધિવેશનની એકક વેળાએ સોજત તરફથી રા. શ્રીયુત હીરાલાલ સુરાણાએ આમંત્રણ આપ્યું હતું જે સ્વીકારવામાં આવ્યું હતું. આ અધિવેશન માટે પ્રાથમિક કેટલોક ઉહાપોહ થયો અને તે અધિવેશનને અંગે સોજત જેવા સ્થળે કેટલીક સગવડોની ખાસ જરૂરીઆત અમને માલૂમ પડી હતી. આ ઉપરથી જોધપુરના નામદાર મહારાજા સાહેબને અત્રેથી એક રેપ્રીઝેન્ટેશન તા. ૧૭ મી જાન્યુઆરી ૧૯૨૭ ના દિને મોકલવામાં આવ્યું હતું. જેમાં કેટલીએક જરૂરીઆતો પૂરી પાડવા માટે તે નામદારને વિનંતિ કરવામાં આવી હતી. ઉક્ત રેપ્રીઝેન્ટેશનનો જવાબ ધાર્યા કરતાં ઘણો મોડો એટલે કે ગઇ તા. ૧-૪-૨૭ ના નં. ૬૫૫ નો આ સંસ્થાને તા. ૩-૪-૨૭ ના રોજ મલ્યો છે. જેમાં નામદાર મહારાજા સાહેબે લગભગ બધી માંગણીઓ સ્વીકારી છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે. જણાવવામાં આવેલા ઉક્ત પ્રત્યુત્તરમાં સોજત સ્ટેશનથી સોજત ગામ જે આશરે ૬-૭ માઇલ દૂર છે તે વચ્ચેનો રસ્તો ખરાબ થઇ ગએલો હોવાથી તેનું સમાર કામ જોકે ઝડપથી પુરૂં કરવા તાકીદ આપવામાં આવી છે તો પણ તે બે માસ કરતાં વહેલું પુરૂં થવા સંભવ નથી. એમ જણાવવામાં આવે છે. અધિવેશનનું સ્થળ મારવાડમાં હોઇ ચાલુ ગરમીની મોસમ ઘણીજ મુશ્કેલીવાળી ગણાય. સિવાય કે પ્રથમ ઇસ્ટરના દિવસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નક્કી કરવામાં આવ્યા હતા તે સમયે બેઠકો મળે જે બનવું અસંભવિત થઇ પડયું છે. ગરમીની રૂતુ મારવાડની બેઠકને માટે તદ્દન અસહ્ય ગણાય. તેમજ ચોમાસું એ બહાર ગામથી આખા હિંદમાંથી આવનાર ડેલીગેટો વગેરેને મુસ્કેલીવાળું હોઇ સાધારણ અધિવેશન માટે તે સમય અયોગ્ય અને મુસ્કેલીઓ વાળો ગણાય જેથી આ અધિવેશન ઇસ્ટરના તહેવારોને બદલે દીવાલી બાદ કોઇ પણ સમયે યાતો નાતાલમાં અનુકૂળ દિવસોએ ભરવાપર મુલતવી રાખવા ફરજ પડી છે.

લી૦

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

## શ્રી શત્રુંજય અને જૈન શ્વે૦ કોનફરન્સ.

છેલ્લા અધિવેશન પછી આપણી વિજયવતી જૈન કોન્ફરન્સે જે કાર્ય કર્યું તેનું સંક્ષિપ્ત વર્ણન જેમાં ખાસ શ્રી શત્રુંજયપ્રચારકાર્ય, સમિતિકાર્ય તથા તે માટે થયેલ ફંડ વગેરે આ લઘુ બુકમાં આપી જૈનસમાજને જાગૃત રાખેલ છે. અમારે કહેવું જોઇએ કે રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ રા. મકનજીભાઇ તથા ઝવેરી મોહનલાલભાઇનો આ વખતનો ઉત્સાહ, લાગણી અને ખંત આટલા ઉપરથી પૂરતા જણાય છે તેથી તેઓ વિગેરે કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. તેઓ આ લઘુ બુક માત્ર પ્રગટ કરી તેમ નથી પરંતુ દૈનિકપત્રોમાં પણ કોન્ફરન્સની ચાલુ કાર્યવાહી આપી સમાજને જાણ કરી છે.

આ વખતના મેળાવડામાં શ્રી શત્રુંજય માટે સરકાર પાસે કમીશનની માંગણી કરવાનો એક ઠરાવ થયેલો હતો તે માટે હીંદીપ્રધાન ના. વોઇસરોય અને મુંબઇના ગવરનરને પત્રો લખવા ઉપરાંત શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની કમીટીની સાથે તે સંબંધમાં આવેલો પત્રવ્યવહાર પણ આ બુકમાં પ્રકટ કરવામાં આવ્યો છે જેથી જૈન કોન્ફરન્સના આ કાર્યવાહકો આ પ્રશ્નો માટે કેટલા ઇંતેજાર છે અને કાર્યો પર કેટલું લક્ષ આપે છે તે આ લઘુ બુક વાંચવાથી જણાય છે. આવા તીર્થોના હક વગેરેના સ્વાલો, ચર્ચા કે ઝગડાના છેવટ લાવવા માટે આવી તૈયારી જાગૃતિ અને ખંત હોવી જોઇએ. અમો કોન્ફરન્સના કાર્યવાહકો પોતાની આ કાર્યવાહીથી યશ પ્રાપ્ત કરે તેમ ઇચ્છીયે છીયે. આ બુક સર્વેને વાંચવાની ભલામણ કરીયે છીયે.

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્‌ના પ્રથમ સંમેલનનો રીપોર્ટ.

આ રીપોર્ટ તેના પ્રસિદ્ધકર્ત્તા મંત્રીઓ તરફથી સમાલોચના માટે મળેલ છે. આ સંસ્થાનું પ્રથમ અધિવેશનનું કાર્ય પૂર્ણ ઉત્સહ અને લાગણીથી તેમજ તેના કાર્યવાહકોની પૂર્ણ ચીવટથી સંતોષકારક થયું છે. હિંદના જૈનસમાજની પૂર્ણ સહાનુભૂતિ પણ પૂર્ણ રીતે જોવાયેલ છે. સ્વયંસેવકોની આવશ્યકતા છે તેનૂં ભાન પણ આ સંમેલનથી જૈનસમાજને થયું છે તેમજ જૈનધર્મની પ્રગતિના આવા કેટલાક કાર્યોમાં આ સંસ્થાની ઉપયોગીતા કેટલી છે તે હવે અજાણ્યું નથી. બીજો ઠરાવ વ્યાયામશાળાની સ્થાપનાનો આ સંમેલને કર્યો છે અને તેનો અમલ બે માસ પહેલા થયેલો જોઇ તેની જરૂરીયાત સ્વીકારી મુંબઇમાં વ્યાયામશાળાની આ સ્વયંસેવક મંડલે કરેલી સ્થાપનાને માટે તે ધન્યવાદને પાત્ર છે. આરોગ્યતા માટે વ્યાયામ એ જેમ જીવન છે તેમ ત્રણ પ્રકારના શિક્ષણમાં શારીરિક કેળવણી પણ તેટલીજ ઉપયોગી હોઇ આ મંડલે કરેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાયામશાળાની સ્થાપના તે શારીરિક કેળવણીનું એક અંગ કહો કે શરૂઆત કહો કે જે જરૂરીયાતના પ્રસંગે જ તેનો જન્મ આપવામાં આ મંડળને અમો અભિનંદન આપીયે. આ મંડળનો રીપોર્ટ ખાસ વાંચવા જેવો છે અને તે મંડળના ઉત્સાહી બંધુઓ પોતાના ધારેલા જૈનશાસનની સેવાના દરેક કાર્યોમાં તેઓ આગળ વધે તેમ પરમાત્માની પ્રાર્થના કરવા સાથે આ મંડળને જૈનસમાજે દરેક પ્રકારની સહાય આપવાની સુચના કરીયે છીયે જે અસ્થાને નથી.

## પાટણ શ્રી હેમચંદ્રાચાર્ય જૈનસભાનો સંવત ૧૯૭૮ થી સંવત ૧૯૮૧ સુધીનો રીપોર્ટ.

ત્રેવીશ વર્ષથી ચાલતી આ સંસ્થાએ આ ચાર વર્ષોમાં પાઠશાળા, ગ્રંથાવળી અને પુસ્તકાલય સંબંધી જે જે પ્રગતિ કરી તેની હકીકત આ રીપોર્ટમાં આપવામાં આવેલ છે. ઉત્સાહી અને સેવાભાવિ કાર્યવાહકોની ખંતને લઇને દિવસાનુદિવસ તે આબાદ થતી જાય છે તેમ તે રીપોર્ટમાં મળેલી મીટીંગોના હેવાલ અને કાર્યવાહી ઉપરથી જણાય છે. આવક જાવકનો હિસાબ વગેરે ચોખવટવાળા છે તેમજ ગ્રંથ પ્રસિદ્ધિનું કાર્ય પણ ચાલે છે તે ગ્રંથો ઉપયોગી છે અને તેની સાહિત્યસેવા પણ આ સંસ્થા કરે છે અમે તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

### આગમાનુસાર મૂહુપત્તિકા નિર્ણય ઔર જાહેર ઉદ્‌ઘોષણા ન. ૧-૨-૩

કર્ત્તા—મહોપાધ્યાયજી શ્રી સુમતિસાગરજી મહારાજના શિષ્ય શ્રી મણિસાગરજી મહારાજ

કિંમત ભેટ.

સ્થાનકવાસીઓ તરફથી મુહપત્તિ બાંધી રાખવાને ઠરાવેલ છે તેમજ હાથમાં મુહપત્તિ રાખી જયણાપૂર્વક બોલનાર સર્વ જૈનીઓ ઉપર જે અનુચિત કેટલાક ગ્રંથો પ્રકટ કરી આક્ષેપો કરવામાં આવ્યા છે કે જે જિનાજ્ઞા વિરૂદ્ધ છે; તેથી સત્ય વાતનો નિર્ણય કરવા માટે તેના ખંડન રૂપે અનેક આગમો અને ગ્રંથોની સાધનો આપી યુક્તિપૂર્વક આ ગ્રંથકર્ત્તાશ્રીએ તૈયાર કર્યો છે જે દરેક જૈનોએ વાંચવા જેવો છે. ઘણોજ પ્રયાસ કરી પ્રયત્ન કર્યો છે જે જૈન સમાજને ઉપકારક છે. આ ગ્રંથની વીશહજાર કોપી છપાવેલી છે. પ્રચાર કરવાના હેતુથી કોટા આદિના જૈન શ્વેતાંબર સંઘે કાંઇપણ કિંમત રાખેલ નથી.

## બંધુ હરગોવનદાસ ડાહ્યાભાઇનું શોકજનક અવસાન.

તા. ૧૪-૪-૨૭ ગુરૂવારના રોજ માત્ર ૭ માસની બિમારી ભોગવી માત્ર ૪૨ વર્ષની ભર યુવાનવયે ભાઇ હરગોવન ડાયાભાઇ અત્રે પંચત્વ પામ્યા છે. બંધુ હરગોવનભાઇએ સ્વશકિત બળે ઘણા વર્ષ પરદેશ વેઠી લક્ષ્મી પ્રાપ્ત કરી હતી, છેલ્લા બે વર્ષથી તેઓ અત્રે પોતાના વતનમાં શાંતિ ભોગવવા અને મળેલી લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાની ઇચ્છા થતાં અત્રે ઘણો ભાગ રહેતા હતા, અને તે લક્ષ્મીનો ઉપભોગ અને તે વડે મનુષ્ય જન્મનું સાર્થક કરવાની શરૂઆત થતાં જ અચાનક ભવિતવ્યતાના યોગે કાળના ભોગ થઇ પડ્યા છે. તેઓ સ્વભાવે શાંત, સરલ, મિલનસાર ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધાવાળા હતા. અને સજ્જન પુરૂષ હતા. તેમના સ્વર્ગવાસથી તેમની જ્ઞાતિ અને અત્રે સંઘમાં અને આ સભાના સભાસદ હોવાથી તેવા એક લાયક પુરૂષની ખોટ પડી છે, જેને માટે અમો સંપૂર્ણ દીલગીર થયા છીયે. તેના બાળ પુત્રો અને સુપત્નીને દિલાસો દેવા સાથે તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હભરિદ્રસૂરિ વિરચિત—

## "શ્રી ધર્મબિન્દુ ગ્રંથ."

( મૂળ તથા મૂળ ટીકાના ભાષાંતર સહિત )
( જિનવચનામૃત મહોદધિમાંથી ધુરંધર ગીતારથ પૂર્વાચાર્ય વચનતરંગ બિન્દુરૂપ )
( બીજી આવૃત્તિ )

ગ્રહસ્થ અને યતિધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવનાર, આ ગ્રંથની રચના સંસ્કૃત નાના નાના સરલ સંસ્કૃત સૂત્રરૂપે કરવામાં આવી છે કે જે આ ગ્રંથના અભ્યાસીઓ સરલતાથી કંઠાગ્ર કરી શકે. ટીકામાં મૂળ સૂત્રનો ઉત્તમ ગૌરવ સચવાવા સાથે તે તે વિષયનું ઘણુંજ સરલ અને સાદું સ્ફોટન કરવામાં આવેલું છે, કે જેથી મૂળનો અધિક પ્રકાશ મળવા સાથે જીજ્ઞાસુઓ તેનું રહસ્ય સહેલાઇથી જાણી શકે છે. આ ગ્રંથમાં આઠ પ્રકરણો આપેલ છે. શ્રાવકોનો સામાન્ય વિશેષ ધર્મ, મુનિઓના સામાન્ય વિશેષધર્મ વગેરે અષ્ટાધ્યાયી મુક્તામણિની માળાની જેમ કંઠમાં ધારણ કરી રાખવામાં આવે તો તેનો અભ્યાસી યાવજ્જીવિત સદાચાર, સન્નીતિ અને સદ્ધર્મનો પરમ ઉપાસક બની પરિણામે પરમપદનો અધિકારી બને છે. વિશેષ લખવા કરતાં મનનપૂર્વક વાંચી જવાની નમ્ર સુચના કરવામાં આવે છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળશે.

---

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે ( બ્રાહ્મમુહૂર્ત વખતે ) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે શરૂઆતથી પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ હોઇ એક ઉત્તમ કૃતિ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ. કેટલેક સ્થળે જૈન શાળાઓમાં ધાર્મિક શિક્ષણ માટે ચલાવવા નકી થયેલ છે. કિંમત સુદલ રૂા. ૦–૮–૦

---

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો, સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઇ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂા ૧–૦–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર.

"અમોઘ વીર્યવાન આત્મશકિતનો જળ ધોધજ લોકોનો રથવાહક-નેતા થઈ શકે છે. એ પ્રખર વિરાટ પુરૂષ પ્રકૃતિથીજ નેતા 'a leader by instinet' હોય છે. પોતાને નેતૃત્વ મળે કે નહિ તેની એને પરવા હોતી નથી. એ નિષ્કામ- કર્મયોગીને માત્ર '**लोकसंग्रह**' ની કાળજી હોય છે. એ પોતાની અગાધ શકિતના સામર્થ્ય થકી સ્વયં નેતૃત્વ ભોગવે છે. **बुध महावीर** સાગર સમો ઉંડો અને વિશાળ હૃદયવાળો તથા **वज्रादपि कठोरापि मृदूनि कुसुमादपि** તેમજ ગુપ્ત દ્રષ્ટા (mystic) હોય છે. આવા પ્રભાવશાળી મહાત્માનો જન્મ **सर्व भूतहिते रताः** પ્રાણી માત્રના હિત માટે જ હોય છે. એટલે જ પ્રજાવર્ગ આવા વીરોની વિભૂતિની પૂજા કરે છે. તિથિઓ ઉજવે છે. પરંતુ એમના જીવન-રહસ્યનું—**अहिंसा** અને **विश्वप्रेमी समानता**નું-પ્રજ્ઞ અનુકરણ પૂર્વક આચરણ કરે તો જ પૂજા સાચી ગણાય, પૂજનીય ભાવ ઝળકી ઉઠે તો સ્થાને ગણાય. જે પ્રજા વીર બને છે તેજ વીરની વિભૂતિની પૂજા કરી શકે છે. પૂજા કરવાને લાયક ગણાય છે. ત્યારે જ પૂજ્ય ભાવની સાર્થકતા થાય છે. કાર્લાઇલ કહે છે કે 'valets cannot worship heroes' શ્રુતિ પણ કહે છે કે **देवो भूत्वा देवं यजेत** શ્રી મહાવીરે અને શ્રી બુધ્ધે અહિંસા અને વિશ્વપ્રેમી સમાનતાનો વરસાદ વરસાવ્યો અને magnanimity of soul (આત્માનું ઔદાર્ય) એજ મનુષ્ય પ્રાણીએ જીવનધ્યેય રાખવાનું શીખવ્યું. આત્મ શકિતનો ફુવારો વધુને વધુ ઉડે ત્યારેજ વીરપૂજા સાચી ગણાય. બાકી તો ગુલામોને શુરવીરની પૂજા કરવાનો હક્ક નથી. વીર બનો અને વીરની પૂજા કરો.

"આ ચરિત્રો જ એવા અગાધ સાગરદેવ સમા વિશાળ છે કે **यस्यान्तं न विदुः सुरा सुरगणाः** સર્વ દેશના અને સર્વ ભાષાના મનુષ્યોએ ગુણાનુવાદ ગાયા છે. છતાં કોઇ પાર પામ્યા નથી, અને ગાશે તો પણ પાર પામવાના નથી. વાણી અનંત છે તેમ બુદ્ધ મહાવીર સમા મહાપુરૂષોના ગુણો પણ અનંત છે; એનો પાર જ નથી, અને તેથી જ **गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः** અને એ સદગુણોના ભંડારનો સામર્થ્ય ખજાનો પણ **अज्ञो नित्यं शाश्वतोयं पुराणम्** છે. વાચક! જન્મ યોગીઓના ચમત્કૃતિથી ભરેલા તુલનાત્મક ચારિત્ર્યમાંથી તને તારા ચારિત્ર્ય બળ માટે કંઇ પણ સારૂં લાગે અને ગમે તો તે **पत्रं पुष्पं फलं** તરીકે તારા **बुध महावीर** આત્માને ચરણે ધરજે; અને તું પણ **पुनरपि जननं पुनरपि मरणं** નો ભય ટાળવા તારી આત્મ જ્યોતિ પ્રકટાવજે. સચ્ચિદાનંદ સ્વરૂપ બનજે. **यो यमुपास्तते स तदेव भवति** જે પુરૂષ જેવી ઉપાસના કરે છે તે તેના સ્વરૂપને પામે છે."

"જૈન યુગ" માંથી.

For Private And Personal Use Only